ગાંધીનગર, સાબરકાંઠા, અમદાવાદ, મહેસાણા, આણંદ, સુરત, જામનગરથી પ્રસિદ્ધ થતું દૈનિક

RNI No. GUJGUJ/2015/62482

મહેસાણા

# લોકાર્પણ

તંત્રી : ગૌરાંગ પંડ્યા - 99099 69099 નિવાસી તંત્રી : અપૂર્વ રાવળ - 96879 46130 (Tele/Fax) 079 - 2321 1379

Printer / Publisher / Owner / Editor : Gaurang Dipakbhai Pandya • Printed : Namasvi Offset, Plot No. K-1/906/8, GIDC, Sector-28, Gandhinagar (GUJARAT) 382028 • Published : C/o. Harish Choksi, Bapusinh Ni Khadki, Vaheravasan, At. & Ta. Vijapur, Dist. Mehsana-382870 (GUJARAT)

• વર્ષ 5 • અંક 075 • દિનાંક 14-06-2019 • શુક્રવાર • વિક્રમ સંવત 2075 • પાના 4 • કિંમત : 50 પૈસા (વિતરણ ખર્ચ અલગ) • email : lokarpandaily@gmail.com • www.govtofgaurang.com

### વહીવટીતંત્રના સહયોગથી સ્વૈચ્છિક સંસ્થા તથા સહકારી સંસ્થાઓ દ્વારા

# મહેસાણાથી ફુડ પેકેટ વાવાઝોડાના અસરગ્રસ્તો માટે રવાના કરાયા

(પ્રતિનિધિ) મહેસાણા

વાયુ વાવા૧ઝોડાના પગલે મહેસાણા જિલ્લા વહીવટીતંત્ર સહિત સ્વૈચ્છિક સંસ્થાઓ અને સહકારી સંસ્થાઓના સહયોગથી ૨૧ હજાર જેટલા ફુડ પેકેટ તૈયાર કરી રવાના કરાયા છે. જિલ્લા કલેકટરશ્રી એચ.કે.પટેલના માર્ગદર્શન થી જિલ્લાની બજાર સમિતિઓ, સહકારી સંસ્થાઓના સહયોગથી વાવાઝોડાના અસરગ્રસ્ત વિસ્તાર ખાતે ૨૧ હજાર જેટલા ફુડ પેકેટ દેવભુમિ દ્વારકાના જામખંભાળીયા ખાતે મોકલવામાં આવ્યા છે. જેમાં ઉંઝા એપી.એમ.સી દ્વારા મગદળના લાડુ, સેવ અને પાણીની બોટલો, મહેસાણા એ.પી.એમ.સી દ્વારા બુંદી અને ફુલવડીના પેકેટ, વિસનગર એપીએસી દ્વારા મોહનથાળ અને ફુલવડીના પેકેટ, મહેસાણા ઉત્તર ગુજરાત ક્રેડીટ સોસાયટી ફેડરેશન દ્વારા સુખડીના, સિધ્ધેશ્વરી માતા ટ્રસ્ટ કડા દ્વારા સુખડીના, ઉમિયા માતા દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા અને બહુચરાજી માતાજી ટેમ્પલ દ્વારા સહિત અન્ય સંસ્થાઓના સહયોગથી ફુડ પેકેટ રવાના કરવામાં આવ્યા છે. નિવાસી અધિક કલેકટર હર્ષદ વોરાએ લીલી ઝંડી આપી અસરગ્રસ્તો માટે ફુડ પેકેટ રવાના કરેલ છે જે દેવભુમિ દ્વારકાના જામખંભાળીયા ખાતે મોકલાયા છે. ફુડ પેકેટ રવાના સમયે મહેસાણા એપી.એમ.સી ચેરમેન ખોડાભાઇ પટેલ, પ્રાન્ત અધિકારી પી.બી, રાઠોડ, જિલ્લા રજિસ્ટ્રાર પ્રતિક ઉપાધ્યાય, જિલ્લા પુરવઠા અધિકારી એન.આર. શર્મા, ડી.આઇ.ઓ પ્રશાંત શર્મા સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.





## સેન્સેક્સ ૩૯,૭૪૧ અને નિફ્ટી ૧૧,૯૧૪ પર બંધ

(એજન્સી) મુંબઇ

શેરબજારમાં દિવસના અંતે સુસ્તીનું વાતાવરણ જોવા મળ્યું છે. જેમાં બીએસઇના ૩૦ શેરનો પ્રમુખ ઈન્ડેક્સ સેન્સેક્સ -૧૫.૪૫ પોઈન્ટ ઘટીને ૩૯,૭૪૧.૩૬ ની સપાટીએ બંધ થયું છે. બીજી બાજુ, એનએસઈના ૫૦ શેરનો પ્રમુખ ઈન્ડેક્સ નિફ્ટી +૭.૮૫ પોઈન્ટ વધીને ૧૧,૯૧૪.૦૫ પર બંધ થયો છે.શેરબજારમાં દિવસની શરૂઆત નજીવો ઘટાડો જોવા મળ્યો હતો. જેમાં બીએસઈના ૩૦ શેરનો પ્રમુખ ઈન્ડેક્સ સેન્સેક્સ ૭૭.૪૬ પોઈન્ટ ઘટીને ૩૯,૬૭૯.૩૫ ની સપાટીએ ટ્રેડ થઇ રહ્યો હતો. બીજી બાજુ, એનએસઈના ૫૦ શેરનો પ્રમુખ ઈન્ડેક્સ નિફ્ટી ૩૨.૩ પોઈન્ટ ઘટીને ૧૧,૮૭૩.૯૦ પર ખુલ્યો હતો.ગુરુવારે પણ અમેરિકાના ડોલર સામે રૂપિયામાં કોઈપણ પ્રકારનો ફેરફાર જોવા મળ્યો નથી. ઓપનિંગ ટ્રેડિંગમાં અમેરિકન ડોલર સામે રૂપિયામાં સ્થિરતા જોવા મળી હતી. જોકે જાણકારો જણાવી રહ્યાં છે અમેરિકી ડોલર સામે રૂપિયા મજબૂત થશે. શરૂઆતના વેપારમાં રૂપિયો અમેરિકન ડોલર દીઠ ૬૯.૩૪ ના ભાવ પર ખૂલ્યો હતો. છેલ્લા સત્રમાં રૂપિયો ડોલર દીઠ ૬૯.૩૪ પર બંધ રહ્યો હતો. કોલ ઈન્ડિયા, એક્સિસ બેક્ર, એચડીએફસી બેક્ર, સિપ્લા, આઈઓસી, બજાજ ફાઇનાન્સ, ટાઇટન કંપની, સન ફાર્મા, લાર્સન, બજાજ ફીન્સર્વે અને રિલાયન્સ મજબૂતી સાથે ટ્રેડિંગ કરી રહ્યા હતા.

## દિશા પટણીના બર્થ ડે પર ટાઇગર શ્રોફે ખાસ અંદાજમાં કર્યુ વિશ, શેર કર્યો સ્પેશિયલ વીડિયો

(એજન્સી) મુંબઇ

બોલીવુડ એક્ટ્રેસ દિશા પટણીના બર્થ ડે પર ટાઈગર શ્રોફે તેને ખાસ અંદાજમાં બર્થ ડે વિશ કર્યુ છે. ૧૩ જૂને દિશાના બર્થ ડે પર ટાઇગરે એક વીડિયો શેર કર્યો છે. જેમાં બંને ડાન્સ રિહર્સલ કરતાં નજરે આવી રહ્યાં છે. આ વીડિયો ખૂબ વાયરલ થઇ રહ્યો છે. તેને જોયા બાદ દિશાના ડાન્સિંગ સ્કીલ્સનો પણ અંદાજ લગાવી શકાય છે.આ વીડિયોમાં દિશા અને ટાઈગર 'બેફિક્રા ભી હોના જરૂરી હૈ' સૉન્ગ પર રિહર્સલ કરી રહ્યાં છે. ટાઈગરે આ વીડિયો શેર કરતાં 'હેપ્પી બર્થ ડે ડી' લખ્યું છે.જણાવી દઈએ કે ૨૦૧૬માં આવેલા આ આલ્બમમાં બંને સાથે નજરે આવ્યાં હતા. બંનેની કેમેસ્ટ્રી અને ડાન્સને દર્શકોનો સારો રિસ્પોન્સ મળ્યો હતો. તાજેતરમાં જ એક ઈન્ટરવ્યુમાં દિશાએ પોતાના બર્થ ડે પ્લાન્સ વિશે જણાવ્યું હતું. તેણે કહ્યું હતું કે તે પોતાના મિત્રો સાથે ડિનર કરશે પરંતુ આ પાર્ટીમાં ટાઇગર હશે કે નહી તે અંગે દિશાએ જણાવ્યું કે તેણે આ અંગે કોઇ પ્લાન નથી બનાવ્યો.

## પ્રહલાદનગર પાસે ટીમ્બર પોઇન્ટ કોમ્પ્લેક્સના ભોંયરામાં આગ, ૧૦૦થી વધુ લોકોને બચાવાયા

### ઘણા લોકો ધાબા ઉપર જતા રહ્યા હોવાથી આગથી બચી ગયા હતા

(પ્રતિનિધિ) અમદાવાદ

સુરતમાં થેયલા ગોઝારા અગ્નિકાંડની હજી તો શ્યાહી પણ નથી સુકાઈ ત્યાં અમદાવાદમાં આગ લાગવાની ઘટના સામે આવી છે. શહેરના પ્રહલાદનગરના ટીમ્બર પોઇન્ટ કોમ્પ્લેક્સના ભોંયરામાં સાંજે સાડા ચાર વાગ્યાની આસપાસ આગ લાગી હતી. જેને પગલે ૧૪ ફાયર ફાઈટર અને બે એમ્બ્યુલન્સ ઘટના સ્થળે પહોંચી હતી. ચોથા માળે માણેક ટેક નામની આઈટી કંપની આવેલી હોવાથી ૧૦૦ જેટલા આઈટી પ્રોફેશનલ ચોથા માળે ફસાયા હતા. ત્યાર બાદ તેમને અડધી કલાકમાં જ બચાવી લેવાયા હતા અને આગ પર કાબૂ મેળવાયો હતો.ટીમ્બર પોઇન્ટના કોમ્પ્લેક્સના ભોંયરામાં આગ લાગી છે. ભોંયરામાં આવેલા મીટરમાં સ્પાર્ક થવાની આગ લાગી હતી. ઘણા લોકો ધાબા ઉપર જતા રહ્યા હોવાથી આગથી બચી ગયા હતા. જ્યારે બાકીના લોકોને ફાયર ફાયટરના જવાનોએ બચાવ્યા હતા.આજે બપોરે ધોમ ધખતા તાપ વચ્ચે શહેરના પ્રહલાદનગર ખાતે આવેલા એક ટિમ્બર પોઇન્ટ કોમ્પ્લેક્સના ભોંયરામાં આગ ફાટી નિકળી હતી. આગના કારણે કોમ્લેક્ષમાં કામ કરતા લોકોના જીવ તાળવે ચોંટ્યા હતાં. કોમ્પ્લક્ષના ચોથા માળે માણેક ટેક નામની આઇટી કંપની આવેલી છે. જેમાં ૧૦૦ જેટલા આઈટી પ્રોફેશનલ કામ કરે છે. તેઓ આગમાં ચોથા માળે ફસાયા હતા. આ ઉપરાંત કોમ્પ્લેક્ષમાં કામ કરતા અન્ય લોકો દોડીને ધાબા પર ચડી જતા બચી ગયા હતા. ફસાયેલા અન્યોને બે મોટી સીડી અને દોરડાની મદદથી બચાવી લેવામાં આવ્યા હતાં.ઘટનાની જાણ્ કરતા ફાયર બ્રિગેના ૧૪ જેટલા ફાયર ફાયટર ઘટનાસ્થળે આવી પહોંચ્યા હતાં. આ ઉપરાંત બે એમ્બ્યુલેન્સ પણ ઘટનાસ્થળે બોલાવવાવામાં આવી હતી. થોડી જ વારમાં આગ પર નિયંત્રણ મેળવી લેવાયું હતું. આ ઘટનામાં સદનસીબે કોઈ જ જાનહાની થઈ નહોતી.ચોથા માળ સુધી ધુમાડો ફેલાયો હોવાથી ધુમાડો કાઢવા કાચ તોડવામાં આવ્યા હતા. આગ લાગ્યા પછી ફસાયેલા લોકોએ એસી, કોમ્પ્યુટર બંધ કરી દીધા હતા અને પછી પેન્ટ્રીમાંથી ફાયર બ્રિગેડની મદદથી ટેરસ પર ગયા હતા. લોકોએ દાખવેલી સતર્કતાના પગલો મોટી જાનહાની ટળી હતી.

## વાયુ વાવાઝોડાને પગલે સુત્રાપાડામાં દરિયા કિનારાનાં ઘરોમાં દરિયાના પાણી ભરાયા

### સુત્રાપાડાના ધામેજ ગામે ૧૫થી ૨૦ મકાનો દરિયાના મોજાથી ઘેરાઇ ગયા

(પ્રતિનિધિ) સુત્રાપાડા

બીજી તરફ સુત્રાપાડા તાલુકાના ધામરેજ બંદર દરિયા કિનારે ભારે પવનને કારણે મકાનની દિવાલો ધરાશાયી થઈ હતી. કાંઠા વિસ્તારોના મકાનોમાં પાણી ઘૂસ્યા હતા. જો કે કોઈ જાન હાની થઇ નથી. પરંતુ લોકોને સલામત સ્થળે ખસેડાયા છે. તો આ તરફ માંગરોળના દરિયાના પાણી શેરીયાજબારા ગામમાં ઘુસી જતા લોકોમાં ભયનો માહોલ સર્જાયા છે. દર ચોમાસામા વરસાદી પાણી નદીમાં થઈને દરિયામાં ભળે છે. દરિયા કિનારે પાળો છે પણ આ વખતે દરિયાએ રોદ્ર સ્વરૂપ ધારણ કરતાં પાળાને તોડી દરિયાઈ પાણી બારા ગામમાં ઘુસી ગયા છે. રાજકોટ ભાજપા કાર્યાલયમાં સંભવિત વાયું વાવાઝોડાની પરિસ્થિતિને ધ્યાને લઈ સમીક્ષા બેઠક કરી.કુદરતી આપદા સામે પુરુષાર્થથી આગોતરા આયોજનથી તંત્ર સજ્જ છે,ત્યારે કોઈ વ્યાપક નુકસાન કે હાનિ ન થાય તેમજ જીવન વ્યવહાર રાબેતા મુજબ રહે તેની સંપૂર્ણ તકેદારી રાખવા માર્ગદર્શન આપ્યું.વાયુ ચક્રવાતની સૌથી વધુ સંભવિત અસર સૌરાષ્ટ્રમાં થવાની છે જેથી ગુજરાત ભાજપ પ્રદેશ પ્રમુખ જીતુ વાઘાણી રાજકોટ ખાતેના કંટ્રોલ રૂમ પર પહોંચ્યા હતા. જ્યાં તેઓએ કહ્યુ હતું કે ભારતીય જનતા પાર્ટી હંમેશા દરેક સ્થિતીમાં લોકોની સાથે ઉભી રહી છે. જેથી લોકોને અપીલ છેકે તેઓ તંત્રને સાથ અને સહકાર આપે અને જો સ્થળાંતરિત થવાની જરૂરીયાત ઉદભવે તો પૂરતો સહયોગ આપશે.તો મહેસાણાના ઉંઝામાં સામાજીક સંસ્થાઓ અસરગ્રસ્તોની વ્હારે આવીને ફૂડ પેકેટ તૈયાર કરવાના કાર્યમાં લાગી ગઈ છે. ઉમિયા માતાજી સંસ્થા,ઉંજા એપીએમસી તેમજ આર.કે.ગ્રુપ દ્વારા અંદાજે ૧૦ હજાર ફૂડ પેકેટ તૈયાર કરીને પ્રભાવિત વિસ્તારોમાં પહોંચતા કરાશે.

## વાયુ ચક્રવાત જેવી વિપદા સામે માનવતા મહેકી ઉઠી, સમગ્ર ગુજરાતમાંથી મદદ માટે હાથ ઉઠ્યા

### સામાજિક સંસ્થાઓ તથા સાધુ સંતોએ પણ ફુડ પેકેટ માટે તૈયારી દર્શાવી

(પ્રતિનિધિ) અમદાવાદ

ખાસ કરીને અસરગ્રસ્ત વિસ્તારોમાં ભૂખ્યા સુધી અન્ન પહોંચી રહે તેવા ઉમદા નિર્ધાર સાથે અનેક સામાજીક સંસ્થાઓ આગળ આવી છેપઅને ફૂડ પેકેટ તૈયાર કરીને અસરગ્રસ્તો સુધી પહોંચાડવાની કામગીરી યુદ્ધના ધોરણે કરાઇ. વાત કરીએ પોરબંદરની તો સ્વામિનારાયણ ગુરુકુળે અસરગ્રસ્તો માટે ફૂડ પેકેટની આગોતરી તૈયારીઓ જ કરી લીધી હતી.. આ સાથે પ્રભાવિત લોકોને જમવા સહિતની વ્યવસ્થા પણ કરી હતી.તો આવા જ દ્રશ્યો વડોદારમાં જોવા મળ્યા વડોદરામાં તંત્રએ સજ્જ થઇને ફૂડ પેકેટ તૈયાર કર્યા જેમાં વડોદરા જિલ્લા કલેક્ટર કચેરી ખાતે ખાસ એક લાખ ફૂડ પેકેટ તૈયાર કરાયા. આ ફૂડ પેકેટો સૌરાષ્ટ્ર કચ્છ સહીતના જિલ્લામાં પહોંચતા કરવાની કામગીરી પણ કરાઇ..જામનગરમાં પણ માનવતાની મહેક પ્રસરી અને જુદી-જુદી આઠ જેટલી સંસ્થાઓ દ્વારા અસરગ્રસ્તો માટે ખાદ્ય સામગ્રી તૈયાર કરાઇ.. આણદાબાવા અને કુંવરબાઈની ધર્મશાળામાં ૧ લાખ લોકો માટે ભોજન તૈયાર કરાયુપ ભોજન ઉપરાંત નાસ્તા સહિતનાં પેકેટો તૈયાર કરીને વાવાઝોડાથી પ્રભાવિત સૌરાષ્ટ્રભરના વિસ્તારોમાં પહોંચતા કરાયા. જુનાગઢના માંગરોળ અને માળીયાના દરિયાઈ વિસ્તારમાંથી સ્થળાંતરીત કરેલા લોકો માટે વહીવટી તંત્ર દ્વારા ફુડ પેકેટની વ્યવસ્થા કરાઇ.તો આ ઉપરાંત સામાજિક સંસ્થાઓ તથા સાધુ સંતોએ પણ ફુડ પેકેટ માટે તૈયારી દર્શાવી જેમાં ભવનાથમાં આવેલ ગોરખનાથ આશ્રમના મહંત શેરનાથબાપુએ દ્વારા ૧૫ હજાર ફૂડ પેકેટ તૈયાર કરાવ્યા..એટલુ જ નહીં હજુ પણ જરૂર પડે તો વધુ મદદ કરવા માટે સંતોએ તૈયારીઓ દર્શાવી છે તો દ્વારકામાં પણ વરસાદના પગલે સેવાભાવી સંસ્થાઓએ સેવાની ધૂણી ધખાવી છે. રાહત સામગ્રી એકઠી કરી અંદાજે ૪ હજાર ફૂડપેકેડ તૈયાર કરીને અસરગ્રસ્તોને મોકલવાની કામગીરી કરાઇ તો આ ઉપરાંત સ્થળાંતરીત લોકો માટે ગુગડી બ્રાહ્મણોએ ભોજનની વ્યવસ્થા કરી.તો સેવાભાવી કાર્યમાં મહિલાઓએ પણ સાથ સહકાર આપ્યો હતો.તો અમદાવાદમાં પણ અસરગ્રસ્તોની વ્હારે આવવા માટે કામગીરી આરંભી દેવાઇ..જેમાં અમદાવાદ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા બે લાખ ફુડ પેકેટ તૈયાર કરીને અસરગ્રસ્તો સુધી પહોંચાડવામાં આવ્યા છે.

## અમિતાભ બચ્ચને ૨૧૦૦ ખેડૂતોનું ચૂકવ્યું દેવુ, હવે પુલવામાના શહીદોના પરિવારને આર્થિક રૂપે મદદ કરશે

(એજન્સી) મુંબઇ

બોલીવુડના શહેનશાહ અને મેગાસ્ટાર અમિતાભ બચ્ચને આશકે ૨૧૦૦ ખેડૂતોનું દેવું ચુકવી દીધું છે. અમિતાભ બચ્ચને પોતાના બ્લોગ દ્વારા પોતે જ આ વાતની જાણકારી આપી છે. અમિતાભે લખ્યું કે, જે વચન આપ્યું હતું તેને પુરુ કરી દીધું છે. બિહારના જે ખેડૂતો પર દેવું હતું તેમાંથી ૨૧૦૦ ખેડૂતોની લોન ચુકવી દીધી છે. લોનની પૂરી રકમ વન ટાઇમ સેટલમેન્ટ દ્વારા ચુકવવામાં આવી છે. જેમાંથી કેટલાંક લોકોને જનક બંગલે બોલાવીને શ્વેતા અને અભિષેકના હાથે તેમને તે અપાવી.જણાવી દઈએ કે અગાઉ પણ અમિતાભ બચ્ચને લખ્યું હતું કે, જે લોકો લોનની રકમ અદા નથી કરી શકતાં તે લોકો માટે એક ગિફ્ટ છે. આ વખતે આ લોકો બિહારથી હશે. આવું પહેલીવાર નથી બન્યું જયારે અમિતાભ ખેડૂતોની મદદ માટે આગળ આવ્યાં હોય. ગત વર્ષે પણ અમિતાભ બચ્ચને ઉત્તર પ્રદેશના આશકે એક હજારથી પણ વધુ ખેડૂતોની લોન ચુકવી હતી.અમિતાભે પોતાના બ્લોગમાં લખ્યું હતું, હજુ એક વચન પુરુ કરવાનું છે. પુલવામા એટેકમાં જે બહાદુર લોકોએ દેશ માટે પોતાના જીવ ગુમાવ્યાં તેમના પરિવાર અને પત્નીઓને આર્થિક રૂપે મદદ કરવાની છે. સાચા શહીદ.ખેડૂતો માટે અમિતાભ બચ્ચનના કામની પ્રશંસા કરવામાં આવી રહી છે. જણાવી દઈએ કે અમિતાભ બચ્ચન આજકાલ પોતાની ફિલ્મોમાં વ્યસ્ત છે અમિતાભ ટૂંક સમયમાં ફિલ્મ બ્રહ્માસ્ત્રમાં નજરે આવશે. આ ફિલ્મમાં તેની સાથે રણબીર કપૂર અને આલિયા ભટ્ટ નજરે આવશે.

## ૧૫ જૂલાઈએ લોન્ચ કરાશે ચંદ્રયાન-૨, ઈસરોએ પ્રથમ વખત રજૂ કરી તેની ઝલક

### ૧૦ વર્ષમાં બીજી વખત ચંદ્ર પર જવાના મિશનથી જોડાયેલી કેટલીક તસવીરો સામે આવ્યા બાદ લોકોમાં રોમાંચ વધી ગયો

(એજન્સી) નવીદિલ્હી

ચંદ્ર પર પોતાનું રોવર ઉતારવાના ભારતના મહત્વાકાંક્ષી અને ઘણા સમયથી જેની રાહ જોવામાં આવે છે તે સ્પેસ મિશન ચંદ્રયાન-૨ને લોન્ચ કરવાની તારીખ જાહેર કરી દેવામાં આવી છે. ઈસરોએ બુધવારે ચંદ્રયાન-૨ની લોન્ચિંગ તારીખ જાહેર કરી છે. આ ચંદ્રયાન-૨ ૧૫ જૂલાઈના રોજ વહેલી સવારે ૨.૫૨ મિનિટે રવાના થશે.ઈસરોએ બુધવારે ચંદ્રયાન-૨ની એક ઝલક દેખાડી હતી. ૧૦ વર્ષમાં બીજી વખત ચંદ્ર પર જવાના મિશનથી જોડાયેલી કેટલીક તસવીરો સામે આવ્યા બાદ લોકોમાં રોમાંચ વધી ગયો છે.ચંદ્રયાન-૨ મિશનના ત્રણ મોડ્યુલ્સમાંથી એક આર્બિટર, લેન્ડર અને એક રોવર છે. જેને લોન્ચ વ્હીકલ જીએસએલવી એમકે ૧૧૧ સ્પેસમાં લઈ જશે. ખાસ વાત એ છે કે આ લોન્ચ વ્હીકલને ભારતમાં જ બનાવવામાં આવ્યું છે. ચંદ્રયાન-૨ના લેન્ડરને વિક્રમ અને રોવરને પ્રજ્ઞાન નામ આપવામાં આવ્યું છે. રોવર પ્રજ્ઞાનને લેન્ડર વિક્રમની અંદર રાખવામાં આવશે. ચંદ્રની સપાટી પર વિક્રમને લેન્ડ કર્યા બાદ તેને ડિપ્લોય કરવામાં આવશે.ઈસરોએ જણાવ્યું છે કે ઓર્બિટર મિશન દરમિયાન ચંદ્રના ચક્કર લગાવશે અને બાદમાં ચંદ્રના સાઉથ પોલ પાસે લેન્ડ થશે. ચંદ્રની સપાટી પર પહોંચ્યા બાદ છ પૈડાવાળા પ્રજ્ઞાનને સપાટી દોડી દેવામાં આવશે જયાં તે પ્રયોગ કરશે. તેને ધરતી પર રહેલા ઈસરોના વૈજ્ઞાનિકો કંટ્રોલ કરશે. ભારતના લૂનર મિશનને આગળ લઈ જવા ઉપરાંત ચંદ્રયાન બે આંતરરાષ્ટ્રીય એજન્સીઓની મદદ પણ કરશે. આ અમેરિકન સ્પેસ એજન્સી નાસાનો એક એક્સપેરિમેન્ટ પણ લઈ જશે. ચંદ્રયાન-૨ને આંધ્ર પ્રદેશના શ્રીહરિકોટામાં સતીષ ધવન સ્પેસ સેન્ટરથી લોન્ચ કરવામાં આવશે. ભારત માટે આ ગૌરવની વાત છે કે ૧૦ વર્ષમાં બીજી વખત આપણે ચંદ્ર પર મિશન મોકલી રહ્યા છીએ. ચંદ્રયાન-૧ ૨૦૦૯માં મોકલવામાં આવ્યું હતું. તેમાં રોવર સામેલ ન હતું. ચંદ્રયાન-૧માં ફક્ત એક આર્બિટર અને ઈન્સ્પેક્ટર હતું જે ચંદ્રના સાઉથ પોલ પર પહોંચ્યું હતું.

## આર કે ફાઉન્ડેશન ઊંઝા દ્વારા વાવાઝોડાના અસરગ્રસ્તો માટે ફૂડ પેકેટ તૈયાર કરાયા



(પ્રતિનિધિ) ઊંઝા

આરકે ફાઉન્ડેશન ઊંઝા દ્વારા વાયુ વાવાઝોડાના અસરગ્રસ્તો માટે ૨૦૭૧ જેટલા ફૂડ પેકેટ તૈયાર કરવામાં આવ્યા હતા આ ફૂડ પેકેટમાં સુખડી અને ફૂલવાડી તૈયાર કરાયેલી હતી અને તૈયાર કરીને ઊંઝા મામલતદાર શ્રીને આપવામાં આવ્યા હતા જે દ્વારકા જિલ્લાના અસંગત વિસ્તારોના જરૂરિયાત મંદોને મોકલી આપવામાં આવ્યા હતા.

લોકાર્પણ

**તંત્રી મંથન......**

## રાજ્યસભાની એક બેઠક મેળવવા કોંગ્રેસ ડો. મનમોહન સિંહનો ઉપયોગ કરશે...!

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ તથા કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાની ગુજરાત માંથી રાજ્યસભામાં ચૂંટાયેલા સભ્ય છે. હવે તેઓ બંને લોકસભા બેઠક પણ જીત્યા છે. શ્રી અમિત શાહે રાજ્યસભા બેઠક પરથી રાજીનામું આપી દીધું છે. સ્મૃતિ ઈરાનીએ હજી રાજીનામુ આપ્યું નથી. પરંતુ લોકસભા બેઠક જ જાળવી રાખે એવી પૂરી શક્યતા છે. જેથી રાજ્યસભાની બે બેઠકો ખાલી થશે. આ બંને બેઠકો ભાજપની છે. પરંતુ વિધાનસભાની સભ્ય સંખ્યા આધારે એક બેઠક કોંગ્રેસ ને મળે તેમ છે . ભાજપને તે સ્વીકાર્ય નથી. જો કે કોંગ્રેસના રાજ્યસભાના સભ્ય પ્રવીણ રાષ્ટ્રપાલ ના અવસાન ના કારણે કોંગ્રેસની એક બેઠક ખાલી થઈ હતી, ત્યારે ભાજપના નેતા પુરુષોત્તમ રૂપાલા પેટા ચુંટણી જીતીને રાજ્યસભામાં ગયા છે અને કેન્દ્રીય મંત્રી પણ થયા છે . અને તે અંગે કોંગ્રેસને કોઈ નારાજગી પણ નથી. પરંતુ ભાજપ કશુ જતું કરવા તૈયાર નથી. જેથી જે પ્રકારે કોંગ્રેસના વરિષ્ઠ નેતા શ્રી અહેમદ પટેલને પરાજીત કરવા કોંગ્રેસના ધારાસભ્યોની ભાજપ દ્વારા જથ્થાબંધ ખરીદી કરવામાં આવી હતી, તે પ્રકારની સાજીશ રચાઈ રહી હોવાનો અણસાર કોંગ્રેસના નેતાઓને આવી રહ્યો છે. જેમને વેચાઈ જવું જ છે, તેમને કોંગ્રેસના કોઈ નેતા રોકી શકે તેમ નથી . કોંગ્રેસે તેમના તમામ સભ્યોને બેંગલોર રિસોર્ટમાં રાખ્યા હોવા છતાં સાણંદના ધારાસભ્ય કરોડોમાં વેચાયા હતા. જેથી કોઈને રોકવા એ કોંગ્રેસ માટે બહુ અઘરું કામ છે. આથી હાઈ કમાંડ એવું વિચારે છે કે જો કોઈ સન્માનિય નમ આવે તો કદાચ વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમને હરાવવા આવી કોઈ સાજીશ થવા ન પણ દે. જેથી પૂર્વ વડાપ્રધાન ડો. મનમોહન સિંહ કે જેમની મુદતપૂરી થવામાં છે, અને તેઓ હિમાચલ પ્રદેશમાંથી ચૂંટાયા હતા, જ્યાં હવે તેમને ચૂંટાઈ આવવું શક્યા નથી આથી તેમને ગુજરાતમાંથી રાજ્યસભાની બેઠકના ઉમેદવાર બનાવવાની વિચારણા ચાલી રહી છે. કોંગ્રેસના એક નેતાએ વાતચીત માં જણાવ્યું હતું કે ડો. મનમોહન સિંહજી રાજ્યસભામાં બેસે એવું તો વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ ઈચ્છે. જેથી ગુજરાતમાં એક બેઠક પરથી કોંગ્રેસના ઉમેદવારનો પ્રવેશ થતો રોકે નહિ , અન્ય કોઈ ઉમેદવાર હશે તો મૂડી વાદી ભાજપ અમારા સભ્યોને ખરીદી લઈને વાતાવરણ ડોહળવા નો પ્રયાસ જરૂર કરે. જોકે ભાજપના એક અગ્રણી સાથે આ અંગે વાતચીત થતા તેમણે કહ્યું કે રાજ્યસભામાં ઉમેદવાર કોઈ પણ આવે, કોંગ્રેસના કેટલાક ધારાસભ્યો ભાજપમાં આવવાના છે, એ નક્કી જ છે. એટલે જે તે સમય સંખ્યાબળનાં આધારે જ કોંગ્રેસે નિર્ણય કરવાનો રહેશે. રાજપા સરકાર બાદ ૧૯૯૮ માર્ચમાં વિધાનસભાની ચુંટણી યોજાઈ હતી. જેમાં ભાજપને બહુમતિ મળતા શ્રી કેશુભાઈ પાટિલ ફરી મુખ્યામંત્રી બન્યા હતા . પરંતુ ત્રણ જ માસમાં એટલે કે તા. ૯-૬-૧૯૯૮નાં દિવસે કંડલા પર ભયંકર વાવાઝોડું ત્રાટક્યું હતું. સરકાર ઉંઘતી જડપાઈ ગઈ હોય તેવી સ્થિતિ સર્જાઈ હતી. સેંકડો માનવીના મૃત્યુ થયા હતા અને મોટા ભાગના મજુરો – ગરીબો હતા. બાળકો અને મહિલાઓ પણ તેમાં બહોળ બન્યા હતા. કચ્છ ભૂકંપ પહેલા કેશુભાઈ પટેલની એક મોટી નિષ્ફળતા કંડલા સાઈક્લોન પણ હતું. હવામાન ખાતાની આગાહીને ઔપચારિક ગણીને કોઈ જરૂરી પગલા લેવાયા ન હતા. તે સમયના પ્રસિદ્ધ થયેલા ફોટાઓ હૃદય દ્રાવક હતા. કોઈ ચોક્કસ આંકડો ભળે જાહેર થયો ન હતો, પરંતુ બે હજાર થી વધુ શ્રમિકોએ જાણ ગુમાવ્યા હોવાના સમાચારો જેતે સમયે પ્રસર્યા હતા. આજે ફરી સૌરાષ્ટ્રના સાગર કાંઠે આવું જ એક ભયંકર વાવાઝોડું ત્રાટકવાની કલાકો ગણાય છે, ત્યારે ફરી રાજકોટના જ વતની એવા મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી તેમના ગુરુ કેશુભાઈની ભૂલમાંથી બોથ પાઠ લઈને જાગતા રહે એ જરૂરી છે .

કાગળ અને કલમનું કસબી એટલે....

લોકાર્પણ

આપના વ્યાપાર-ધંધાના વિકાસ માટે આકર્ષક દરે જાહેરાત આપી રાજ્યભરના તમામ જિલ્લાકક્ષાએ તેમજ તમામ તાલુકા કક્ષાએ, ઉપરાંત તમામ ગ્રામ્ય કક્ષાએ છેક છેવાડાના ગામડાંઓ સુધી પહોંચતાં લોકાર્પણ અખબારમાં આપી બહોળો ફેલાવો મેળવો. મૂળભૂત પાયાના પ્રશ્નો, લોકફરિયાદો, અસામાજિક તત્ત્વો દ્વારા થતી હેરાનગતિને વાચા આપવા લોકાર્પણ હંમેશા આપનું પોતીકું બની રહેશે. આપ આપના વિચારો, સૂચનો, મંતવ્યો નિઃસંકોચ મોકલી શકો છો. રમતગમત ક્ષેત્રે, શૈક્ષણિક ક્ષેત્રે, કલા ક્ષેત્રે, સમાજના ઉત્થાન માટે સિદ્ધિ હાંસલ કરો તો તેની વિગત તમારા પાસપોર્ટ સાઈઝના ફોટા સાથે અમારા કાર્યાલયે મોકલી આપશો તો તેને યોગ્ય સ્થાન આપવામાં આવશે. અમારા આ પ્રયાસમાં તમારો સાથ સહકાર જરૂરી છે. આપ લેખો, કાવ્યો, કલાકૃતિઓ, વાર્તાઓ, સમાચારો કે ફોટાઓ પ્રસિદ્ધ કરાવવા ઈચ્છતા હોય તો અમારા કાર્યાલયને મોકલી આપવા.

સ્પષ્ટતા : લોકાર્પણને મોકલવામાં આવતી દરેક પ્રસિદ્ધિની વિગત કોઈની બદનક્ષી કરતી કે ઈર્ષાદ્વેષથી પ્રેરાઈને ન લખેલી હોવી જોઈએ. મોકલેલી વિગતોની સત્યતા માટે કંઈક આધાર-પુરાવો સાથે બીડવો જરૂરી છે. આમ છતાં પુરાવા વિના વિગત મોકલવામાં આવશે તો તેને પ્રસિદ્ધિ આપવામાં આવશે નહીં. અમને મોકલવામાં આવતી તમામ પ્રકારની પ્રસિદ્ધિની વિગતો સાથે જે તે મોકલનારનું સરનામું સહી સાથે જરૂરી છે.

તંત્રી : ગૌરાંગ પંડ્યા
[M] 99099 69099

## અમદાવાદ જિલ્લા મેલેરીયા શાખા દ્વારા ચાંગોદર મેલેરીયા ડેન્ગ્યુથી બચવાના ઉપાયો સમજાવાયા

(પ્રતિનિધિ) વિરમગામ,

અમદાવાદ જિલ્લા મેલેરીયા શાખા દ્વારા મેલેરીયા વિરોધી જુન માસ ઉજવણી કરવામાં આવી રહી છે અને ડેન્ગ્યુ વિરોધી જુલાઇ માસની ઉજવણી કરવામાં આવનાર છે ત્યારે જીઆઇડીસીમાં કામ કરતા મજુરો, કર્મચારીઓની પણ ખાસ ચિંતા કરવામાં આવી રહી છે. અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આવેલ ચાંગોદર જીઆઇડીસીમાં કામકરતા લેબર કોન્ટ્રાક્ટર, મજુરો, કર્મચારીઓને મેલેરીયા, ડેન્ગ્યુ જેવા વાહકજન્ય રોગથી બચવા માટે અમદાવાદ જિલ્લા મેલેરીયા અધિકારી નરેન્દ્રસિંહ રાઠોડ દ્વારા વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. મેલેરીયા ડેન્ગ્યુ થી બચવાના ઉપાયો અને મેલેરીયા ડેન્ગ્યુ થાય તો શુ સારસંભાળ રાખવી જોઇએ તે અંગે સમજણ આપવામાં આવી હતી. આ ઉપરાંત કોઇ પણ વ્યક્તિને ઉલટી ઉબકા થાય, માથામાં દુખાવો થાય,



શરીરમાં કળતર થાય, ઠંડી અને ધ્રુજારી સાથે તાવ આવે જેવા કોઇ પણ લક્ષણો જોવા મળે તો નજીકના સરકારી દવાખાનામાં જઇને નિશુલ્ક લોહીની તપાસ કરાવવી જોઇએ તેવી સલાહ આપવામાં આવી હતી. અમદાવાદ જિલ્લા મેલેરીયા અધિકારી નરેન્દ્રસિંહ રાઠોડે જણાવ્યુ હતુ કે, મેલેરીયા ડેન્ગ્યુ કેસનું નોટીફીકેશન બહાર પડી ગયુ છે ત્યારે નોટીફીકેશનની ગંભીરતા પણ સમજાવવામાં આવી હતી. ચેમ્બર ઓફ કોમર્સના મેમ્બર્સને રોગ અટકાયત કામગીરી કેવી રીતે કરવી તે વીશે સમજ આપવામાં આવી હતી. અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આવેલ ચાંગોદર જીઆઇડીસીમાં કામકરતા લેબર કોન્ટ્રાક્ટર, મજુરો, કર્મચારીઓને મેલેરીયા, ડેન્ગ્યુ જેવા વાહકજન્ય રોગથી બચવા માટે અમદાવાદ જિલ્લા મેલેરીયા શાખા દ્વારા જનજાગૃતિ કાર્યક્રમમાં વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી અને સમજ આપવામાં આવી હતી કે, ઉલટી ઉબકા થાય, માથામાં દુખાવો થાય, શરીરમાં કળતર થાય, ઠંડી અને ધ્રુજારી સાથે તાવ આવે જેવા કોઇ પણ લક્ષણો જોવા મળે તો નજીકના સરકારી દવાખાનામાં જઇને નિશુલ્ક લોહીની તપાસ કરાવવી જોઇએ. મેલેરીયાથી બચવા માટે પાણીના ખુલ્લા વાસણો હવા ચુસ્ત ઢાંકણથી ઢાકીને રાખવા. પાણીની ટાંકી, ફુલદાની, કુલર, ફ્રીજની ટ્રે અઠવાડીયામાં એક વખત અવશ્ય સાફ કરો. ઘરની આસપાસ પાણી ન ભરાવા દો. પાણીના ખાડા ખાબોચીયા પુરી દો અથવા તો વહેવડાવી દો. કોઇ પણ તાવ મેલેરીયા હોય શકે છે. મેલેરીયાનો ફેલાવો મચ્છરથી જ થાય છે એટલે મચ્છરની ઉત્પત્તિ અટકાવશો તો મેલેરીયા થતો રોકી શકાશે.

## આપની આજ

મેષ(અ.લ.ઈ.) :- પરોપકારની ભાવના પ્રબળ બનવાની ધાર્મિક કાર્યમાં સફળતા નોકરીમાં બદલીની શકયતા રહે.

વૃષભ(બ.વ.ઉ.) :- ઈન્વેસ્ટમેનના પ્રશ્નોમાં સફળતા મલે કોર્ટ કેસના પ્રશ્નોમાં સમાધાનથી લાભ. આત્મવિશ્વાસ વધવાનો.

મિથુન(ક.છ.ઘ.) :- કારકિર્દી યશસ્વી બનવાની નોકરીમાં કાર્યભાર રહે. મહેનતનું ફળ મલે. વિદેશના પ્રવાસની ઈચ્છા ફળવાની.

કર્ક(ડ.હ.) :- તમારી અંગત જિંદગીની સમસ્યાની ચર્ચા પારકા સાથે કરવાથી જાળવજો. આત્મવિશ્વાસ વધારો. સફળતા મલશે.

સિંહ(મ.ટ.) :- માન-સન્માન મેળવવા વધુ મહેનત કરવી પડશે. નવી ઓળખાણ બાબત તકેદારી રાખો. સમયનો વ્યય ન કરો.

કન્યા(પ.ઠ.ણ.) :- મિત્રોનો સહકાર રહે. નોકરીમાં મનગમતી જગ્યા મલે. સંતાનોની પ્રગતિ માટે સારો દિવસ રહેશે.

તુલા(ર.ત.) :- અચાનક મનગમતી વ્યકિતની મુલાકાત થવાની નોકરીમાં ચીવટ રાખવી રાજકીય લાભ મલવાનો.

વૃશ્ચિક(ન.ય.) :- સરકારી કાર્યોમાં અનુકુળતા રહે. લાગણીઓને કાબુમાં રાખજો શેર સટ્ટામાં નિર્ણયો મહત્વના રહે.

ધન(ભ.ધ.ફ.ઢ.) :- સ્વાસ્થયમાં સુધારો થાય દિવસ ઉત્સાહજનક રહે. સંસ્થામાં સારો હોદ્દો મેળવશો.

મકર(ખ.જ.) :- નોંધપાત્ર સફળતા મલવાની. રહેણાકના મકાનમાં લકઝરી ફેરફાર થવાના.

કુંભ(ગ.શ.સ.) :- ભાગીદારી ધંધાની ઈચ્છા ફળે. પરીવારના વડીલોનું માર્ગદર્શન લેજો. યાત્રા પ્રવાસમાં અનુકુળતા રહે.

મીન(દ.ચ.ઝ.) :- લાંબા અંતરનો પ્રવાસ થાય, સંતાનો સાથે મહત્વની ચર્ચા થાય. શેર સટ્ટામાં અનુકુળતા.

## ભારતમાં સરેરાશ માનવીનું જીવન હવા પ્રદૂષણને કારણે ર.૬૫ વર્ષ ઘટ્યુ

(એજન્સી) ન્યુ દિલ્હી,

ભારતમાં સરેરાશ માનવીનું જીવન હવા પ્રદૂષણના લીધે ૨.૬ વર્ષ જેટલુ ઘટ્યુ છે, તેમ એન્વાયર્નમેન્ટ થિંક ટેન્કના તાજેતરના અહેવાલમાં જણાવાયું છે. સેન્ટર પોર સાયન્સ એન્ડ એન્વાયર્નમેન્ટના અહેવાલ મુજબ આઉટડોર અને હાઉસહોલ્ડ એર પોલ્યુશન મળીને ગંભીર રોગનું કારણ બને છે. ભારતમાં હવા પ્રદૂષણ મૃત્યુના કારણમાં ત્રીજા નંબરનું સૌથી મોટુ કારણ છે અને ભારતમાં ધૂમ્રપાન સિવાયના જોખમમાં એર પોલ્યુશન સૌથી ટોચે છે. આ પ્રદૂષણનું સ્તર વૈશ્વિક ધારાધોરણ કરતા વધારે છે અને તેના લીધે માનવીનો જીવનકાળ સરેરાશ ૨૦ મહિના જેટલો ઓછો થાય છે. આજે ભારતમાં જન્મતા બાળકનો જીવનકાળ ૨૦ મહિના જેટલો માંડ રહ્યો છે, તેના લીધે કેટલાય બાળક ૨.૬ વર્ષના થાય તે પહેલા જ મૃત્યુ પામે છે, એમ સીએસઈના અહેવાલમાં જણાવાયું હતું. સીએસઈ મુજબ બહારના હવા પ્રદૂષણના લીધે જીવનના અપેક્ષિત સમયગાળો દોઢ વર્ષ જેટો ઘટી જાય છે અને ઘરના પ્રદૂષણના લીધે જીવનકાળ એક વર્ષ અને બે મહિના જેટલો ઘટી જાય છે. આમ સંયુક્ત રીતે ભારતીયનું સરેરાશ આયુષ્ય ૨.૬ વર્ષ જેટલું ઘટવા પામ્યુ છે, એમ તેમણે જણાવ્યું હતું. અહેવાલે જણાવ્યું હતુ કે હાઉસ હોલ્ડ એર પોલ્યુશન દેશના આઉટડોર એર પોલ્યુશનમાં ત્રીજા ભાગનો હિસ્સો ધરાવે છે. તેના લીધે થતા ગંભીર રોગ મૃત્યુના પ્રમાણમાં અડધા જેટલો હિસ્સો ધરાવે છે, તેના પછીના ક્રમે આવતા ફફસાના કેન્સરથી થતું મોતનું પ્રમાણ ૩૩ ટકા, ડાયાબિટીસ અને ઈશેમિક હાર્ટ ડિસીઝનું પ્રમાણ ૨૨ ટકા અને સ્ટ્રોકનું પ્રમાણ ૧૫ ટકા છે.

## વાડીનાથપુરામાંશાળા સલામતી સપ્તાહ પ્રોજેક્ટ

(પ્રતિનિધિ) આણંદ,

આણંદ તાલુકાની ખંભોળજ ક્લસ્ટરની વાડીનાથપુરા પ્રાથમિક શાળામાંશાળાની સલામતી નક્કી કરવા તથા શાળા સલામતી બાબતે વિદ્યાર્થીઓને માહિતગાર કરવા, ઉપરાંત વિવિધ મુશ્કેલી સામે રક્ષણ અને બચાવ કરવો તે અંગેની જાગૃતતા ફેલાવવા માટે શાળા સલામતી સપ્તાહ પ્રોજેક્ટનો પ્રારંભ કરવામાં આવ્યો. શાળા સલામતી સપ્તાહ પ્રોજેક્ટ દરમ્યાન શાળાના શિક્ષકશ્રી દીપકભાઈ પરમાર અને વિઠ્ઠલભાઈ વાળંદ દ્વારા આપત્તિ, જોખમ, અસુરક્ષિતતાની સમજ સાથે શાળા આપત્તિ વ્યવસ્થાપન યોજના અંગેની સમજ પણ આપવામાં આવનાર છે. શાળાના શિક્ષકશ્રી પિયુષભાઈ ચાવડા અને રાકેશભાઈ પ્રજાપતિ દ્વારા પુર અને વાવાઝોડાં જેવી કુદરતી આપત્તિઓ અંગે જાગૃતિ અને આપત્તિ નિવારણ જાગૃતિ માટેની ફિલ્મનું સ્ક્રિનીગ પણ સપ્તાહ દરમ્યાન કરવામાં આવનાર છે. આ સાથે પુષ્પાબેન પરમાર, ઈશીતાબેન આચાર્ય અને શિલ્પાબેન પટેલ દ્વારા આગ, ભૂકંપ અને માર્ગ અકસ્માત જેવી આપત્તિઓ અંગે જાગૃતિ કેળવવી અને બિન માળખાકીય જોખમોને જાણવા અને નિવારણ પર માહિતી આપવામાં આવનાર છે.

## દેવ ઋષિ માનવ પૂજિત ગંગા મૈયાનો ગંગા દશહરા પૃથ્વી પ્રયાણ મહિમા



**આરઝૂ**

- જિતેન્દ્ર પાઠ (અમેરિકા)

વૈદિક સનાતન ધર્મ માં પ્રાકૃતિક પૂજાને સવિશેષ ધ્યાન આપી તેને પર્યાવરણ સાવધાની સાથે માનવ જીવનને જોડી પવિત્ર આપ્યું છે, પ્રાકૃતિક સાથે પંચ મહાભુતો આકાશ, હવા, જળ, અગ્નિ, પૃથ્વી, વૃક્ષને દેવતા ગણવામાં આવે છે. વેદોમાં અનેક શ્લોકો છે અને નદીકાંઠે આવેલા દેવસ્થાનો તીર્થ બની પૂજાય છે.જગત આખાએ ગંગા નદીને પવિત્ર, પૂજનીય અને દૈવીય સ્વરૂપે સ્વીકારી છે અને તેથી હેનરી ડેવિડ થોરો એ નોંધ્યું કે 'મિસીસિપિ,ગંગા અને નીલ... રોકી પર્વત -હિમાલય અને ચન્દ્રમાનું દુનિયાના ઈતિહાસમાં એક રીતનું વ્યક્તિગત મહત્વ છે. અનેક હિન્દૂ શાસ્ત્ર ગ્રંથોમાં ઉલ્લેખનીય નોંધો,કથાઓ જોવા મળેછે, સ્કન્ધ પુરાણ નોંધે છે.' ગંગા મારી સર્વોચ્ચ છબી છે,જેમાં પાણીનું સ્વરૂપ છે,શિવના આત્માનો સાર છે, તે પ્રકૃતિ સર્વોપરી અને અસંખ્ય બ્રહ્માંડનો આધાર છે,વિશ્વની સુરક્ષા માટે હું ગંગાને રમતી રાખવા સમર્થન છું,તે વિશ્વમાતા અને સર્વોચ્ચ બ્રહ્મનો અવતાર છે.' આવી ગંગા માતાને ભગીરથના આકરા તપથી, બ્રહ્માજી ના આદેશથી સ્વર્ગમાંથી જનકલ્યાણાર્થે શિવ જટામાંથી ધરતી પર વહેણ રૂપે અવતરણ કરવું પડ્યું. તે દિવસ ગંગા દશહરા વૈશાખ સુદ સાતમ ગંગા સપ્તમી તે ગંગા જયંતિ અને જેઠ સુદી દશમ તે ગંગા દશહરા - આ બને પર્વ પોતાનું મહત્ત્વ ધરાવે છે,ગંગા સપ્તમી એ સ્નાન નો મહિમા અને ગંગા દશહરાને દિવસે સ્નાન સાથે દાનનો વિશેષ પૂજાનો મહિમા છે; ગંગા તટે ન જવાય તો પણ ઘરમાં ગંગાજીની આરાધના સાથે સ્તુતિ સાથેના આવહ્નન થી શ્રદ્ધેય બની સ્નાન કરવામાં આવે તો પણ પુણ્ય મળે છે, ગંગા પાપવિમોચની,જીવદાયિની અને મોક્ષ પ્રદાન કરતી માતા છે .ભારતમાં ગંગા, ગાયત્રી, ગીતા અને ગાય ચારેયને પૂજનીય,વંદનીય અને પવિત્ર પ્રેરણા ધાત્રી કહ્યા છે. ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી ગંગાને ભારતીય સંસ્કૃતિ અને ઈતિહાસનું મધ્ય બિંદુ ગણે છે.ભુતપૂર્વ વડા પ્રધાન જવાહરલાલ નહેરુ ગંગા નદી માટે કહે છે' ગંગા તો વિશેષ કરીને ભારતની નદી છે,જે જનતાની પ્રિય છે,પ્રાચીન સભ્યતાનું પ્રતીક રહી છે, પવિત્ર ગંગા માતા શારીરિક,માનસિક, આધ્યાત્મિક, સામાજિક, આર્થિક દરેક સ્તરે,સર્વ રીતે ,સર્વ માટે લાભદાયી છે', ગંગા દશહરાના પવિત્ર દિવસે તેના મહાતમ વિષે વધુ જાણીએ. બ્રહ્મપુરાણ મુજબ જેઠ સુદ દશમીના રોજ ગંગા સ્વર્ગમાંથી બ્રહ્માજીના આદેશને અનુસરી રઘુવંશી રાજા ભગીરથીના કઠોરતપ આરાધના બાદ શિવે પ્રસન્ન થઇ ખુદ માનવહિતાર્થે પોતાની જટામાં ગંગાનું અવતરણ કર્યું ,જેના વહેતા પ્રવાહની એક ધારાથી ભગીરથી રાજાના પૂર્વજો ની અસ્થિ રાખને વહેતી કરી પૂર્વજોના આત્માને મોક્ષ આપવાનું પુણ્ય કાર્ય ગંગાજી એ કર્યું અને ત્યારથી તે મોક્ષદાયિની માતા બની સ્વર્ગમાંથી પ્રચંડ ધારા ના વેગથી પૃથ્વી પર અવતરણ વેળાએ શિવજીએ પોતાની જટામાંથી ગંગાજીની ત્રણ ધારા વહેતી કરી ,એક આકાશ,બીજી પાતાળ અને એક ધારા તે પૃથ્વી તે આજની ગંગા ! હજારો વર્ષ બાદ પણ આજે પવિત્રતા સાથે માનવ પાપોનો નાશ અને મોક્ષ આપવા નિરંતર અવિરત કાર્ય કરે છે અને પોતાની શુદ્ધતાથી જગત ને આશ્ચર્યનો અનુભવ કરાવે છે. એક શ્લોક છે 'ગંગાનું જળ જે મનોહારી છે,વિષ્ણુના ચરણોથી જેનો જન્મ થયો છે, તે ત્રિપુરારિના શિર પર બિરાજિત, પાપહારિણી હે,મા તમે મને શુદ્ધ કરો' નારદ પુરાણ, વિષ્ણુપુરાણ, બ્રહ્મવૈવર્ત, મહાભારત ,ભાગવત, પદ્મ પુરાણ, રામચરિતમાનસ અનેક ગ્રંથો અને વિદેશી ચિંતકોએ પણ તેની સવિશેષ નોંધ લીધી છે. આમ ગંગા માતા શાસ્ત્રોક્ત વિધિવિધાન, લોક પરંપરા, રીતરિવાજ અને ભક્તિ ભાવના અને શ્રદ્ધા આસ્થાનો અદ્ભૂત સાંસ્કૃતિક સંગમ છે,જેના નામ સ્મરણ થકી જિંદગી તરી જવાય છે; 'વેદ વ્યાસ ખુદ લખે છે' ગંગાના દર્શન, સ્પર્શ, જલપાન, આચમન અને નામ સ્મરણ કીર્તનથી હરકોઈ ને ગંગા પવિત્ર કરી દે છે ,આથી એમ કહેવું પડે કે ગંગા પ્રકૃતિ અને મનુષ્યત્વને દેવતત્વ સાથે જોડતી એ વહેતી ધારા છે. નદી રૂપે હિમાલયથી બંગાળની ખાડી સુધી વેગીલા પ્રવાહે વહે છે .૨૭ હજાર માઈલનો પ્રવાસ,૧૧ રાજ્યો,૧૧૮ શહેરો,૪૦ મિલિયન લોકો માટે જળ સ્ત્રોત, અનેક ઘાટો,આર્થિક રોજગારી ,પૂજા ,પવિત્રતા ,ધાર્મિકતા સાથે સંસ્કૃતિ દર્શન કરાવતી ગંગા માતા દેવો અને ઋષિઓ સહિત નારદપુરાણમાં તીર્થ માતાનો દરજ્જો પામેલી છે. ગંગા જળ સ્નાન કરવાથી કે આચમન કરવાથી રોગમુકત થવાય છે. શાસ્ત્રમાં કહ્યું છે' ઔષધ ભાગીરથી તો યં વૈદ્યો નારાયણો હરિઃ દશહરાનો અર્થ થાય દશ અંકની શૃંખલા.શિવજીની જટામાંથી પૃથ્વી ઉપર પ્રવાહ રૂપે ગંગાજી નદી બન્યા , વહેતા થયા તે દિવસે ૧૦ આંકનો દુર્લભ મેળ હતો .વૈદિક જયોતિષી ગણના શરૂ કરી તે મુજબ જેઠ મહિનો સુદ (ઉજવલ અર્ધા,)૧૦મી તિથિ,બુધવાર, હસ્તા નક્ષત્ર, વ્યાકરણ યોગ,ગરકરણ આનંદ યોગ,કન્યા રાશિમાં ચન્દ્ર માઅને વૃષ રાશિમાં સૂર્ય,આ દસનો યોગ હતો તેથી ભાવિક,શ્રદ્ધાળુ, ભૂકો માટે મોક્ષ પ્રાપ્ત કરી અર્થે.ગંગા સ્નાન દસ દિવસનો ઉત્સવ પર્વ ગણાય છે. સ્કન્ધ પુરાણ માં ઉલ્લેખ છે તે મુજબ માનવ જીવનના ૧૦ મહા પાપોમાં ત્રણ પાપ કાયિક,ચાર વાચિક અને ત્રણ માનસિક છે, (૧)દીધા વિના લઈ લેવું (ચોરી ) (૨)હિંસા (૩)પર સ્ત્રી ગમન (૪)કડવી વાણી (૫)અસત્ય વાચા (૬) ચાડી ખાવી /ફરિયાદ કરવી (૭)સંબંધ વગરનો બકવાસ (૮)બીજાના ધનની આશા /સંપત્તિ પચાવી પાડવાની ઈચ્છા (૯)અનિષ્ટ વિચાર /વ્યર્થ વાતો (૧૦)ખોટો આગ્રહ છે ગંગા દશહરાએ ગંગાના મુખ્ય ૧૦ નામો યાદ કરાય છે ,તેમાં જાહ્નવી,શિવાયા, મુખ્યા, ઉત્તરદાયિની ,હુગલી,મંદાકિની,દુર્ગાય, શિવ જટાઈ અને ભાગીરથી છે.આ દરેક પાછળ તેના અર્થ સંદર્ભે કથા/વાર્તા છે. આ દિવસે ગંગા ઘાટે સ્નાન,અને પૂજા વિધિમાં પણ દસની સંખ્યા લક્ષ્ય માં લેવાય છે,૧૦ ડૂબકી મારવાની અને ૧૦ દિવસ ગંગા સ્નાન,૧૦ ખાસ પરંપરાગત રીતરિવાજ થી પૂજા,તેમાં ફૂલ,ગંધ દિવડાં,ફળ,નૈવેદ્ય,પાન બધી જ વસ્તુઓ,૧૦ માં લેવાય છે; ગરમી નિવારણ માટે પંખા,માટલું,છત્રી વગેરેની દાન વસ્તુ ,૧૦ બ્રાહ્મણોને દક્ષિણા વગેરે ની સંખ્યા પણ ૧૦ નક્કી કરાઈ છે. ગંગાજળ શુદ્ધ અને પવિત્ર ગણાતું હોવાથી હિન્દૂ પરિવારોમાં સચવાય છે, મૃત્યુ વેળાએ જીવિત શરીરમાં કે મૃત દેહના મુખમાં મોક્ષ પ્રાપ્તિર્થે ગંગાજળ પધરાવવાની પ્રથા છે ,બંધ સીલમાં પેક કરેલું ગંગાજળ બગડતું નથી અને જગતના વૈજ્ઞાનિકો પણ કબૂલે છે કે ભૌતિક સ્પર્શ જો કોઈ કરે,પાણી પીએ,કે સ્નાન કરે તો ગંગાજળ' એન્ટિસેપ્ટિક ખનીજ વાળું હોવાથી રોગ નિવારણ કરે છે .ગંગા દેવી રૂપે આજે પણ સદેહે હોવાના પ્રમાણ મળે છે. ગંગા માતાની વંદના અને કૃપા પ્રાપ્તિ અર્થે એક ખુબ જાણીતો શ્લોક છે,'હે ગંગાજી! હું દેવ અને દૈત્યોદ્વારા પૂજિત આપના દિવ્ય ઔલોકિત રૂપ ચરણ કમળોને વંદન કરું છું ,આપ અમારા રોગ,શોક,તાપ,પાપ ,કુમતિ હરી લઈ પાવન ,કરી મોક્ષ પ્રદાન કરો'ગંગા માતાનો પ્રથમ ઉલ્લેખ ઋગ્વેદમાં ૩/૫૮/૬/માં જોવા મળે છે ,ગંગા ભારતીય સંસ્કૃતિ અને ધર્મમાં ,સ્વર્ગ,પૃથ્વી અને પાતાળ લોકમાં વિસ્તરિત છે ગંગા ચાલીસામાં ગંગા અને તીર્થની અગત્યતા સાથે તેની વિશેષતા નોંધી છે ' નામ ભજત આણીત અનનિત અધ નાશી , વિમલ, જ્ઞાન, બળ બુદ્ધિ, પ્રકાશ, જિમી ઘનમૂળધર્મ અરૂ દાના, ધર્મમં મૂળ, ગંગાજીમાં દેવી દેવતાનો વાસ છે,તેથી શ્રીકૃષ્ણે ગીતામાં કહ્યું છે કે બધી નદીઓમાં ગંગા સ્વરૂપ હું છું ' ગંગા માતાનું નામસ્મરણ, પૂજા માનવીને જ્ઞાન, બળ, બુદ્ધિ, સમૃદ્ધિ, ધર્મ આસ્થા સાથે દાન, પુણ્ય દ્વારા અનેક ઘણું ફળ આપે છે. જો નિત્ય સ્નાન વેળાએ ગંગામાતાનું સ્મરણ કરો તો પણ તમને લાભ થાય છે. ભારતન ૭ પવિત્ર નદીઓ માં ગંગા પ્રથમ સ્થાને છે ,અન્ય છ નદી સિંધુ ,સરસ્વતી, યમુના,ગોદાવરી, નર્મદા,કાવેરી,સરયૂ, મ હ ે ન્ દ્ર ત ન ય ા , ચર્મવતી,વેદિકા,શિપ્રા,વેત્રવતી અને મહાસુર (બ્રહ્મપુત્રા) નદીઓ છે. કોઈપણ તીર્થ ક્ષેત્રે કરેલું સ્નાન પુણ્ય આપે છે ,પરંતુ ગંગાનો મહિમા પાવનતા અલૌકિક છે ,રહસ્યમય છે ગંગાજી જ્યાંથી વહે છે તે તમામ ક્ષેત્ર તીર્થ બન્યા છે ,જેમાં હરિદ્વાર,પ્રયાગ,અલ્હાબાદ,ગઢમુક્તેશ્વર ,કાશી,ઋષિકેશ વગેરેનો સમાવેશ છે

ગંગા સપ્તમી અને ગંગા દશહરા બંને પર્વ ભારતીય હિન્દૂ સમાજ માટે મોટી આસ્થાનું કેન્દ્ર બની ભક્તગણોને ચિત્ત શાંતિ,. પાપનિવારણ કરી પરમધામ મોક્ષ આપે છે. ગંગાજી ના વિવિધ નામો, જુદીજુદી પ્રાગટ્ય કથાઓ, વિશ્વભરના સાહિત્યમાં મોખરાનું સ્થાન પામેલા છે. ગંગા માતા ચિંતકો માટે સાધના તીર્થ, સાધકો માટે પુણ્યભૂમિ અનુષ્ઠાન કેન્દ્ર, મૃતાત્માઓ માટે પ્રેમધામનો માર્ગ છે.જીવન યાત્રાનું આખરી પૂર્ણવિરામ .ગંગા માતાની ગોદનું શરણ. મનાય છે. ભારતીય શાસ્ત્રો પ્રમાણે ગંગામાતા નિત્ય ઉપાસના ,પૂજાને સ્થાને સ્થાપિત કરાયા છે. આરતી, સ્તૃતિ, મંત્રોચ્ચાર, તીર્થ પંડિતો, બ્રાહ્મણોના શ્લોકો વિવિધ શંખનાદ, ધ્વનિ શ્રવણ, નિત્ય સાય આરતી ગંગાજીની આરતી નિહાળવી તે જીવનનો માટે છે ચૂંટણી પહેલા વડા પ્રધાન નરેન્દ્ર મોદી એ પણ તાજેતરમાં માં ગંગામાં ડૂબકી મારી,આરતી કરી આશીર્વાદ લીધાં હતાં. ગંગા શુદ્ધિ અભિયાન માં વિદેશમાંથી મળેલી મોટી રકમ ગંગા માતા સ્વચ્છતા અભિયાન ને દાન માં આપી દીધી હતી જે એક મોટી ધર્મ આસ્થાનું પ્રમાણપત્ર ગણાય,ગંગા સાર્વભૌમિક માતા ,જીવ માત્ર માટે રક્ષક અને જ્ઞાન દાતા છે, તેથી કહેવાય છે કે ગંગા પાપને, ચંદ્રમા તાપને, કલ્પ વૃક્ષ દરિદ્રતાને સંતપુરુષો સંતાપને દૂર કરે છે ગંગા હરકોઈ માટે જીવ દાયિની માતા છે.

# સંક્ષિપ્ત સમાચાર

## લોક દરબારમાં વ્યાપક ફરિયાદો થતાં વ્યાજખોરને પાસા હેઠળ ભૂજ જેલમાં મોકલાયો

વડોદરા શહેર પોલીસ તંત્ર દ્વારા વ્યાજ ખોરો સામે શરૂ કરાયેલી ઝુંબેશમાં વાઘોડિયા રોડ, રેવા પાર્ક પાસે આવેલ સી- ૧૦૨, બાલાજી વિહાર કોમ્પ્લેક્ષમાં રહેતા નરેશ ઠાકોર ઠક્કરની પાણીગેટ પોલીસે પાસા હેઠળ ધરપકડ કરી ભુજ જેલમાં મોકલી આપ્યો છે. વડોદરા શહેર પોલીસ તંત્ર દ્વારા વ્યાજખોરોની ચુંગાલમાં ફસાયેલા લોકોને બહાર કાઢવા માટે લોક દરબારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વ્યાજનો ધંધો કરતા નરેશ ઠક્કર સામે વ્યાપક ફરિયાદો આવી હતી. જે ફરિયાદોના આધારે પોલીસે તેની પાસા હેઠળ અટકાયત કરીને તેણે ભુજ જેલમાં મોકલી આપ્યો છે. વ્યાજ ખોર નરેશ ઠક્કરની પાસા હેઠળ ધરપકડ કરવામાં આવતા વ્યાજનો ધંધો કરનારાઓમાં ગભરાટ ફેલાઇ ગયો છે.

## લક્ઝરી બસમાં વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો, ૨ની ધરપકડ

પુનાથી અમદાવાદ જતી દીપ ટ્રાવેલ્સની લક્ઝરી બસમાં વિદેશી દારૂનો જથ્થો લઇને વડોદરા આવી રહેલા વારસીયાના બુટલેગર અને લક્ઝરી બસના કંડક્ટરની વડોદરા ક્રાઇમ બ્રાંચે ધરપકડ કરી છે. પોલીસે લક્ઝરી બસ અને વિદેશી દારૂનો જથ્થો મળી કુલ રૂપિયા ૪૧.૨૫ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. વડોદરા ક્રાઇમ બ્રાંચના પી.એસ.આઇ. એ.બી.મિશ્રાને માહિતી મળી હતી કે, વારસીયામાં ટી-૧૫, ૨૪૮, એસ.કે. કોલોનીમાં રહેતો અને ગુનાહિત ભૂતકાળ ધરાવતો બુટલેગર પ્રેમ સેવકરામ પહેલવાની પૂના - અમદાવાદ વચ્ચે ચાલતી દીપ ટ્રાવેલ્સની લક્ઝરી બસમાં વિદેશી દારૂનો જથ્થો લાવે છે. અને વારસીયામાં ધંધો કરે છે. જે માહિતીના આધારે દીપ ટ્રાવેલ્સની લક્ઝરી બસ ખોડિયારનગર ચાર રસ્તા પાસે સ્ટાફના ભરતભાઇ, સુરેશભાઇ, આઝાદ સુર્વે, બિપીનભાઇ અને ગણેશભાઇની મદદ લઇ રોકી હતી. વડોદરા ક્રાઇમ બ્રાંચની ટીમે બસમાં તપાસ કરતા બુટલેગર પ્રેમ પહેલવાની ૮ ટ્રાવેલિંગ બેગમાં રૂપિયા ૧.૨૫ લાખની કિંમતના વિદેશી દારૂના જથ્થા સાથે પકડાયો હતો. તેની પૂછપરછ કરતા તેણે લક્ઝરી બસના ડ્રાઇવર મહેશ રબારી અને કંડક્ટર જગદીશ શંકરલાલ યાદવ (રહે. કૃષ્ણધામ વ્હોરાના મકાનમાં, અમદાવા) સાથે હાથ મિલાવીને છેલ્લા કેટલાક સમયથી કલ્યાણથી વિદેશી દારૂ લઇને વડોદરા આવતો હતો. નોંધનીય છે કે, બુટલેગર પ્રેમ પહેલવાણી ખંડણી, મારામારી, આર્મસ એક્ટ, જુગાર જેવા ૧૨ ગુનામાં સંડોવાયેલો છે.

## તસ્કરોનો આતંક... દાગીના અને લાખ્ખો રૂપિયાનો મુદ્દામાલ ચોરી ફરાર

વડોદરા શહેરના યાકુતપુરામાં રહેતા અને જમીન લે-વેચનો ધંધો કરતા નઇમ અબ્દુલભાઇ રહીમનો આજવા રોડ અહેમદી પાર્ક પાસે આવેલા નવાબ વિલા ખાતે ડુપ્લેક્ષ આવેલો છે. બંધ રહેતા તેઓના આ ડુપ્લેક્ષમાં મોડી રાત્રે તસ્કર ટોળકી ત્રાટકી હતી. અને ડુપ્લેક્ષમાંથી વિવિધ મુદ્દામાલની ચોરી કરી ગયા હતા. સવારે ચોરીના બનાવની જાણ બાપોદ પોલીસને થતાં તુરંત જ પોલીસ સ્થળ પર દોડી ગઇ હતી. અને ડોગ સ્ક્વોડ, એફ.એસ.એલ.ની મદદ લઇ તપાસ શરૂ કરી હતી.ડુપ્લેક્ષ માલિકે પોલીસની પ્રાથમિક પૂછપરછમાં ડુપ્લેક્ષ બંધ રહેતો હતો. અવાર-નવાર ડુપ્લેક્ષની દેખભાળ માટે વોચમેન આવતો હતો. મોડી રાત્રે કોઇ અજાણ્યા શખ્સો ત્રાટક્યા હતા. અને ડુપ્લેક્ષમાં મુકેલી જમીનોની ફાઇલો ઉપરાંત રોકડ અને સોના-ચાંદીના દાગીના ચોરી ગયા હતા. તસ્કરો લાખ્ખો રૂપિયાનો મુદ્દામાલ ચોરી ગયા હોવાનું જણાવ્યું હતું. પોલીસે ડુપ્લેક્ષ માલિકના આક્ષેપના આધારે તપાસ શરૂ કરી છે.

## ઈજાગ્રસ્ત હાલતમાં પાંચ દિવસ અગાઉ મળેલા યુવકના મોતથી ફોરેન્સિક પીએમની માંગ

લીંબાયતમાં રત્નપ્રભા સોસાયટી બહારથી ઈજાગ્રસ્ત હાલતમાં મળી આવેલા યુવાનનું સિવિલમાં સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. શરીર પરથી મારના નીશાન મળી આવ્યા હતાં. ૫મી એ ઈજાગ્રસ્ત હાલતમાં મળી આવેલા રવિન્દ્ર કાશીનાથ સિમ્પી ઉ.વ. ૪૦ રહે સજયનગર લીંબાયતને ૬ જૂન ના રોજ પત્ની સિવિલ લઈ આવતા દાખલ કરાયો હતો.૧૨મી સવારે વોર્ડમાં મૃત્યુ થતા ડોક્ટરોએ એમએલસી કરાવ્યું હતું.મૃતકના મોઢા, પેટ અને બન્ને પગના ઘૂંટણના ભાગે મારના નિશાન મળી આવ્યા હતાં. લોકોએ માર માર્યો હોવાની વાત કહેવાય છે. રવિન્દ્ર માનસિક બીમાર હોવાની વાત જાણવા મળી છે.મૃત્યુ મારથી કે બીમારીથી થયું એ રહસ્ય છે.પત્ની કલ્યાનીબેનની પોલીસ દ્વારા પૂછપરછ કરાઈ છે. પોસ્ટ મોર્ટમ બાદ મૃત્યુનું સાચું કારણ બહાર આવે તેવી શક્યતા છે. ફોરેન્સિક પીએમ કરાવવા પરિવારની માંગ કરાઈ છે.જમાઈ અનિલએ જણાવ્યું હતું કે, ૨ જુનના રોજ ત્રણ સંતાનો પૈકી એકને આંગળીમાં કરડી લીધા બાદ પત્ની કલ્યાની બાળકો સાથે પિયર ચાલી ગઈ હતી.ત્યારબાદ રવિન્દ્ર પણ આખી રાત ઘર બહાર હતો બીજા દિવસે શોધવા નીકળતા રવિન્દ્ર સંજય નગર સર્કલ પાસેથી ઈજાગ્રસ્ત હાલતમાં મળી આવ્યો હતો. તપાસ ચાલી રહી છે. શરીર પર મારના નિશાન દેખાય છે પણ મૃત્યુનું સાચું કારણ પોસ્ટ મોર્ટમ બાદ બહાર આવશે અને ત્યારબાદ તપાસ શરૂ થશે.

## યુવક પાસેથી રૂ. ૬ લાખ ભરેલો થેલો લઈને બંટી-બબલી ફરાર

અમદાવાદના નવરંગપુરા વિસ્તારમાં ચીલઝડપનો વધુ એક બનાવ સામે આવ્યો છે. મંગળવારે શેરબજારના વ્યવસાય સાથે સંકળાયેલા મિલન દોશી પોતાની ઓફિસથી ઘરે પરત આવી રહ્યા હતા ત્યારે બાઈક પર આવેલા બંટી-બબલીએ રૂ. ૬ લાખના રોકડ ભરેલી બેગ લઈને ફરાર થઇ ગયા હતા. પ્રાથમિક તપાસમાં નવી મોડસ ઓપરેન્ડી હોવાનું સામે આવ્યું છે. કારણ કે અત્યાર સુધી ચીલઝડપના કેસમાં પુરુષોની જ સંડોવણી હતી, આ કેસમાં આરોપીઓમાં એક મહિલા પણ સામેલ છે. મહિલા અને પુરુષ આરોપઓએ પહેલા ફરિયાદી મિલન દોશીને સમર્પણ ચાર રસ્તા પાસે અટકાવ્યા હતા. ફરિયાદીએ મિલન દોષીને કહ્યું હતું કે તમે તમે અકસ્માત કર્યો છે. તેમ કહીને તેમને કારમાંથી નીચે ઉતારીને તેમની સાથે માથાકૂટ કરી હતી. આ સમય દરમિયાન મહિલા આરોપી કારમાં પડેલો પૈસાનો થેલો લઈ ને ફરાર થઇ ગઈ હતી.

# &TV લાવી છે સિરિયલ જાતના પૂછો પ્રેમ કી, જેમાં આંતરજાતિ પ્રેમ આલેખિત કરવામાં આવ્યો છે!

આપણે પોતાને જાતિ, ધર્મ, સંસ્કૃતિ અને દેશોથી અલગ તારવીએ છીએ, પરંતુ તેમાં પ્રેમ ક્યારેય અલગ થઈ શકતો નથી. તેમાં ઉંમર, લિંગ, અંતર જેવા વિવિધ અવરોધો આવીને તે પાર કરાયા છે, પરંતુ આખરે જાતિનો અવરોધ હજુ તોડી શકાયો નથી. બ્લોબસ્ટર ફિલ્મ સૈરાટ પરથી ટેલિવિઝન પર બનાવવામાં આવેલી સિરિયલ સાથે &tv જાત ના પૂછો પ્રેમ કી નામે નવો રોમેન્ટિક સોશિયલ ડ્રામા લાવવા માટે સુસર્જ છે. શૈકા ટેલિફિલ્મ્સ અને કોકક્રો એન્ટરટેઈનમેન્ટ દ્વારા સંયુક્ત રીતે નિર્મિત આ શો મજબૂત મૂળિયાં ધરાવતી જાતિ પ્રણાલીમાં ઊંડાણથી મઢાયેલી રોમાંચક પ્રેમકથા કથન કરે છે. જાત ના પૂછો પ્રેમ કીમાં ટેલિવિઝનનો લોકપ્રિય અભિનેતા કિન્શુક વૈદ્ય અને નવોદિત પ્રણાલી રાઠોડની મુખ્ય જોડી છે. પીઢ અભિનેતા સાઈ બલ્લાલ ફરી એક વાર શક્તિશાળી નકારાત્મક ભૂમિકા ભજવવા માટે તૈયાર છે. શો ૧૮મી જૂન, ૨૦૧૯ થી પ્રસારણ માટે સુસજ્જ છે ત્યારે આ નવી ફિકશનલ પ્રોપર્ટીનું ત્યાર પછી દરેક સોમવારથી શુક્રવારે રાત્રે ૮ વાગ્યાથી &tv પરથી પ્રસારણ થશે. ઉત્તર પ્રદેશની ગ્રામીણ પાર્શ્વભૂ સામે સ્થાપિત જાત ના પૂછો પ્રેમ કી સંઘર્ષમય પ્રેમકથા છે, તે યુવા યુગલ બાદલ અને સુમનની વારતા છે, જે બંને અલગ અલગ જાતિના છે. તેમના સમાજ અને પરિવારમાં પ્રવર્તમાન ભેદભાવભરી જાતિ પ્રણાલી સામે તેઓ પોતાના પ્રેમ માટે લડે છે. બે પ્રેમીઓની આશા અને સંઘર્ષો વચ્ચે અટવાયેલો આ રોમેન્ટિક ડ્રામા જાતિવાદ આજે પણ પ્રેમીઓ અને લોકોને કઈ રીતે જકડી રાખે છે તેની કડવી સચ્ચાઈઓ ઉજાગર કરવાનો પર્યાસ કરવામાં આવ્યો છે. સ્ક્રીન પર વિવિધ પાત્રો ભજવતો ટેલિવિઝન કલાકાર કિન્શુક વૈદ્ય કહે છે, સૈરાય જેવા ફિલ્મી આભૂષણ પરથી ટેલિવિઝન પર બનાવવામાં આવેલી જાત ના પૂછો પ્રેમ કીનો હિસ્સો બનવાની મને બેહદ ખુશી છે. મારું પાત્ર બાદલ સીધોસાદો યુવાન છે, જે આખું જીવન જાતિમાં ભેદભાવના મુદ્દાઓ સાથે અથડાતો આવ્યો છે. જોકે સુમન નામે તેનાથી અલગ જાતિની યુવતી સાથે તે પ્રેમમાં પડતી જતાં તે ઘોર વાસ્તવિતતા વાસ્તવમાં પરિણમે છે. મને આ તક આપવા માટે &tv અને નિર્માતાઓનો હું આભારી છું. હું હંમેશાં ભૂમિકાઓમાં વિભિન્નતા લાવવા માગું છું અને મને આશા છે કે આ નવું પાત્ર મને ભજવવાનું ગમી રહ્યું છે તે જ રીતે દર્શકોને જોવાનું ગમશે. નાના પડદા પર પદાર્પણ કરી રહેલી પ્રણાલી રાઠોડ કહે છે, મારા ટેલિવિઝન પ્રવાસની જાત ના પૂછો પ્રેમ કી સાથે શરૂઆત મારા માટે અમૂલ્ય છે. હું &TV અને નિર્માતાઓની તે માટે આભારી છું. મારું પાત્ર સુમન એવી યુવતી છે, જે સાહસિક અને આધુનિક છે, જે લક્ઝરીમાં ઊછરી છે, પરંતુ તેની અંદર કેળવવામાં આવેલાં બધાં પારંપરિક મૂલ્યો સાથે પગ જમીન પર રાખે છે. તે એક એવા યુવા સાથે પ્રેમમાં પડે છે, જે અલગ જાતિનો છે. પરિવારના ભારે વિરોધ છતાં તેનો પ્રેમ સાચો રહે છે અને તે પરિણામોથી પણ ડરતી નથી. તેઓ સચ્ચાઈથી ભાગવા માગતાં નથી, પરંતુ તેમની આસપાસના લોકોની વિચારધારા બદલી કરવા માટે લડવા માગે છે. સૈરાટનું લોકપ્રિય ટાઈટલ ગીત સૈરાટ ઝાલા જીએ તેના સૂરીલા બોલ અને અજય-અતુલના કમ્પોઝ કરાયેલા સંગીત સાથે લાખ્ખો મનને મોહિત કર્યા છે. જાત ના પૂછો પ્રેમ કી આ ગીતનું હિંદીકરણ પ્રસ્તુત કરે છે ,જે શોનું ટાઈટલ ગીત યાસર દેસાઈ અને ઐશ્વર્યા પંડિત દ્વારા ગવાયું છે, જે ભારતમાં મ્યુઝિક સ્ટ્રીમિંગ મંચો પરથી મળી શકશે.



## રિવરફ્રન્ટ ખાતે અમૂલ દ્વારા પેટબોટલ્સને તુરત જ ક્ચડી નાખવાની રિવર્સ વેન્ડીગ મશીન મુકાયું




ભારતની સૌથી મોટી દૂધ સહકારી સંસ્થા અમૂલે, રિલાયન્સના સહયોગથી રિવરફ્રન્ટ પાર્લર, અમદાવાદ ખાતે રિવર્સ વેન્ડીગ મશીન ગોઠવ્યું છે.તાજેતરમાં આ મશીનનુ ઉદઘાટન અમદાવાદના મ્યુનિસિપલ કમિશનર વિજય નેહરાના હસ્તે કરવામાં આવ્યું હતું. પ્લાસ્ટીકનું રિસાયકલિંગ કરવા ઉપરાંતઆ મશીનના કારણે ગ્રાહકોમાં પ્લાસ્ટીકથી થતુ પ્રદૂષણ નિવારવા અંગે જાગૃતિ પેદા થશે.આ મશીન પેટ બોટલ્સને તુરત જ કચડી નાખવાની ક્ષમતા ધરાવે છે. જેનાથી ગ્રાહકો માટે પેટ બોટલ્સનુ રિસાયકલીગ કરવાનુ આસાન અને સુગમ બને છે. પ્લાસ્ટીકને કચડી નાંખ્યા પછી બનાવેલા ગ્રેન્યુઅલ્સને રિસાયકલ કરીને ટી-શર્ટ, જેકેટ, બેગ વગેરે મૂલ્યવર્ધિત ચીજો બનાવી શકાય છે.સમાન પ્રકારે અમૂલ રિલાયન્સ સાથે મળીને અમદાવાદમાં વિવિધ સ્થળે આ પ્રકારનાં મશીન મુકવાનું આયોજન ધરાવે છે.

## પત્નીની નજર સામે પતિએ ગળા પર બ્લેડ મારી આપઘાતનો પ્રયાસ કર્યો

અઠવા લાઈન્સ વિસ્તારમાં પતિ પત્નીને ઘરે પરત લેવા પહોંચ્યો હતો. જોકે, પત્નીએ આવવાની મનાઈ ફરમાવતા પતિએ પત્નીની નજર સામે જ ગળા પર બ્લેડ મારી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. જેથી તેને સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. મળતી માહિતી પ્રમાણે, વેડરોડ વિસ્તારમાં રહેતા વિનય જશંવત પટેલ(ઉ.વ.૨૧)ના લગ્ન ૬ મહિના પહેલાં જ થયા હતા. જોકે, પત્ની ૬ મહિનામાં જ પતિને છોડી પિયર ચાલી ગઈ હતી. જેથી વિનય પત્નીને ઘરે પરત લાવવા માટે અઠવા લાઈન્સ પોલીસ લાઈનમાં આવેલા સાસરીમાં પહોંચ્યો હતો.

## ટ્રાફિક પોલીસની ક્રેન જેવી જ ક્રેન લઈને સરેઆમ કારની ઉઠાંતરી કરતી ગેંગ પકડાઈ



**(એજન્સી) ન્યુ દિલ્હી,**
કાર ચોરનાર ટોળકીએ કારોની ઉઠાંતરી કરવા માટે ટ્રાફિક પોલીસ ઉપયોગમાં લે છે તેવી ક્રેન જ ખરીદી લીધી હતી અને તેના થકી બિન્દાસ્ત પણે તેઓ કાર ઉઠાવતા હતા અને બાદમાં સ્પેર પાર્ટસ છુટા કરીને ભંગારની દુકાનો પર વેચી દેતા હતા.લોકોને લાગતુ હતુ કે, ટ્રાફિક પોલીસ જ રોંગ સાઈડ પર પાર્ક થયેલી કારો ઉઠાવીને લઈ જઈ રહી છે.આમ સરેઆમ આ ટોળકી કારોની ઉઠાંતરી કરતી હતી.આ રીતે આ ટોળકીએ ૧૦૦ કારો ચોરી હતી.જો કે, હરિયાણાના સોનીપતના એક રહેવાસી હરીશ શર્મા પોતાના પિતાની સારવાર કરાવવા માટે હોસ્પિટલ ગયા હતા.જ્યાં તેમણે બહાર પાર્ક કરેલી કાર આ ટોળકી ઉઠાવી ગઈ હતી.બહાર આવ્યા પછી હરીશ શર્માએ કાર ટ્રાફિક પોલીસ ઉઠાવી ગઈ હશે તેમ માની ને તપાસ કરી હતી. પોલીસે કાર ઉઠાવી નહી હોવાનુ બહાર આવ્યુ હતુ.એ બાદ પોલીસ પણ મામલામાં શંકા જતા સક્રિય થઈ હતી.જેમાં એક જગ્યાએ ક્રેન પર કાર લઈ જઈ રહી હોવાનુ જાણવા મળ્યુ હતુ.ક્રેનનો પતો લગાવીને પૂછપરછ કરવામાં આવતા કાર ચોરીનો ભાંડો ફૂટી ગયો હતો. પોલીસે ત્રણ વ્યક્તિઓની ધરપકડ કરી હતી.આ વ્યક્તિઓએ ક્રાઈમ સિરિયલ જોઈને ક્રેન થકી કાર ચોરીનો આઈડિયા મેળવ્યો હોવાનુ કહ્યુ હતુ.દિલ્હી જ નહી અન્ય રાજ્યોમાંથી પણ આ ટોળકીના બીજા સભ્યોએ કાર ચોરી કરી છે.

## ઓનરે ભારતમાં તેની સૌ પ્રથમ ફ્લેગશિપ સિરીઝ - ઓનર ૨૦ સિરીઝ લોન્ચ કરી

**(એજન્સી) નવી દિલ્હી,**
વૈશ્વિક અગ્રણી સ્માર્ટફોન ઈ-બ્રાન્ડ ઓનર દ્વારા આજે ભારતમાં તેની પ્રથમ ફ્લેગશિપ સિરીઝ ઓનર ૨૦ સિરીઝ લોન્ચ કર્યાની જાહેરાત કરી હતી. ઓનર ૨૦ સિરીઝમાં ત્રણ નવા સ્માર્ટફોન્સનો સમાવેશ રહેશે, જેમાં ઓનર 20 PRO, ઓનર ૨૦ અને ઓનર 20i નો સમાવેશ થાય છે. ઓનર ૨૦ સિરીઝ બેજોડ ફોટોગ્રાફી ક્ષમતા, ઉત્કૃષ્ટ ડિઝાઈન અને અલ્ટિમેટ યુઝર એક્સપીરિયન્સ સાથે આવેછે, જે વૈશ્વિક યુવાનોને વિશેષ સ્પર્શે છે. #YouDeserveBetter નું તેનું વચન પાલન કરતાં ઓનર ૨૦ સિરીઝમાં છૈંપાવર્ડ ક્વેડ કેમેરા છે, જે ઉપભોક્તાઓને અત્યંત સાફ- કોઈ પણ સમયે, કોઈ પણ જગ્યાથી ફોટો મઢી લેવા માટે સુવિધા આપે છે. સંપૂર્ણ શક્તિશાળી ક્વેડ કેમેરાએ ઓનર ૨૦ સિરીઝને ૧૧૧ નો આકર્ષક DxOMark સ્કોર જિતાડ્યો છે. ઓનર ૨૦ િઅને ઓનર ૨૦ અનોખા તરી આવે તે માટે બહેતર ગેમિંગ એક્સપીરિયન્સ અને સ્માર્ટફોન્સ માટે નવી ડાયનેમિક હોલોગ્રાફિક ડિઝાઈન માટે GPU ટર્બો ૩.૦ સાથે શક્તિશાળી Kirin 980 છૈં ચિપસેટ સાથે આવે છે.આ લોન્ચ પર બોલતાં




ઓનર ઈન્ડિયાના ચીફ માર્કેટિંગ ઓફિસર સુહેલ તારિકે જણાવ્યું હતું કે, બ્રાન્ડ તરીકે અમે હંમેશાં સ્થાનિક સ્તરે અમારા ગ્રાહકોની માગણીઓ પ્રત્યે કટિબદ્ધ છીએ અને ઓનર ૨૦ સિરીઝ તે કટિબદ્ધતાને સાર્થક કરવાનું ચાલુ રાખવાની દિશામાં જ પગલું છે. અમે અમારા ગ્રાહકોને ઉત્તમ કિંમતે યોગ્ય સ્માર્ટફોન પસંદ કરવાની તક અમારા ગ્રાહકો ધરાવે તેની ખાતરી રાખવા માટે અલગ અલગ કિંમત સેગમેન્ટ્સમાં ત્રણ નવાં ડિવાઈસીસ લાવ્યાં છીએ. ભારત અજોડ બજાર છે અને ઓનર ૨૦ સિરીઝે ઈનોવેશન પ્રત્યે એકધારી રીતે કેન્દ્રિત છીએ, જે ઉત્તમ ગુણવત્તાની ખાતરી રાખે છે. અમને વિશ્વાસ છે કે દેશમાં ગ્રાહકો ઓનર ૨૦ સિરીઝમાં અમે લાવ્યા છીએ તે ફ્લેગશિપ ફીચર્સ પ્રત્યે તેમનો ટેકો આપવાનું અને સરાહના કરવાનું ચાલુ રાખશે. ઓનર 20 PRO ફેન્ટમ બ્લુમાં મળશે. ઓનર ૨૦ સફાયર બ્લુ અને મિડનાઈટ બ્લેકમાં મળશે, જ્યારે ઓનર ૨૦i મિડનાઈટ બ્લેક, ફેન્ટમ બ્લુ અને ફેન્ટમ રેડમાં મળશે. ઓનર 20 Pro માં 8GB RAM અને 256GB ROM, ઓનર ૨૦ માં 6GB RAM અને 128GB ROM છે, જેની કિંમત INR 32,999 છે અને ઓનર 20i4GB RAM અને 128 GB ROM સાથે આવે છે અને કિંમત ૧૪,૯૯૯ છે. ઓનર 20i ફ્લિપકાર્ટ પર ૧૮મી જૂન, ૨૦૧૯ થી વેચાણમાં મુકાશે. ઓનર ૨૦ ૨૫મી જૂન, ૨૦૧૯ થી ફ્લિપકાર્ટ પર ઉપલબ્ધ બનશે ,જ્યારે ઓનર 20 Pro ની ઉપલબ્ધતાની ટૂંક સમયમાં જાહેરાત કરાશે. ઓનર ૨૦ સિરીઝ સર્વ અગ્રણી ઓફલાઈન સ્ટોર્સમાં પણ મળશે. ગ્રાહકો ઓનર ૨૦ અને ઓનર 20i પણ માસિક અનુક્રમ INR ૫૫૦૦ અને INR 2500 થી શરૂ કરતાં નો કોસ્ટ ઈએમઆઈથી ખરીદી શકે છે. રોમાંચમાં ઉમેરો કરતાં ઓનર ૯૦ દિવસમાં ૯૦ ટકા સુધી બાય બેક ગેરન્ટી પણ આપે છે, જેમાં લવ ઈટ ઓર રિટર્ન ઈન ચેલેન્જનો સમાવેશ થાય છે.

## ઈબી-૫ વીઝા, યુએસએના કાયમી વસવાટ અને ગ્રીનકાર્ડ મેળવવાનો સરળ માર્ગ

**(પ્રતિનિધિ) અમદાવાદ,**
ભારતીય રાષ્ટ્રીયતા ધરાવતા લોકો જે યુએસ વિઝા પ્રક્રિયામાં થતા વિલંબને ટાળવા માગે છે અને રોકાણ મારફત ગ્રીનકાર્ડ મેળવવા અને કાયમી વસવાટ કરવા માગે છે તેઓ ઈબી ૫ વિઝા વિષે વિચારવું જોઈએ. ઈબી-૫ વીઝા વિદેશીઓને જેઓ યુએસમાં રોકાણ કરે છે તેમને ગ્રીનકાર્ડ મેળવવા અને કાનુની કાયમી રહેવાસી બનવા અને છેવટે યુનાઈટેડ સ્ટેટ્સના નાગરીક બનવા સક્ષમ બનાવે છે. ઈબી ૫ વિઝા યુનાઈટેડ સ્ટેટ્સમા સરળ માર્ગ છે કારણકે તેમાં અરજદારની લઘુત્તમ લાયકાતની જરૂર નથી અથવા કોઈપણ પ્રકારની પુર્વાપેક્ષીત શરતો નથી અને યુએસસીઆઈએસ પુર્વ મંજુરી ધરાવતા પ્રોજેક્ટમાં રોકાણના આધારે ચોક્કસપણે વિઝા મેળવી શકાય છે. વીઝાના અરજદારોએ કાનુની રીતે કમાયેલા નાણાં બતાવા જરૂર છે જેમાં લોન, અથવા મિલકત મોર્ગેજનો પણ સમાવેશ થઈ શકે છે. જોય લેબ, પ્રસિડન્ડ ઓફ કોન્કોર્ડ ઈબી-સલાહકારો, એલએલએલસી એ જણાવ્યું હતું કે



"ઈબી-૫ વીઝા ઈમીગ્રન્ટ ઈન્વેસ્ટર પ્રોગ્રામ છે. જે યુએસએની સરકાર દ્વારા ૧૯૯૦ માં વિદેશી રોકાણકારો જે યુ.એસ. રહેવાસીઓ માટે તેમના રોકાણ મારફત રોજગાર ઘડે તેવા મુળ રોકાણ અને રોજગાર સર્જન દ્વારા અર્થતંત્રને વેગ આપવા માટે રચાયો છે." રોબર્ટ એબેડી, રોબર્ટ એબેડીની લો ઓફીસીઝના સ્થાપકે જણાવ્યું હતું કે, "અમે વ્યવહારૂ સલાહ આપીએ છીએ કે તમને સમયસર અને ઓછી ખર્ચાળ પદ્ધતિમાં તમારા દેશાગમનના હેતુઓ પ્રાપ્ત કરવામાં મદદ કરીશું. અમારૂ ધ્યેય સોલ્યુશન ડ્રાઈવન દેશાગમન છેઃ જે પરીણામો પુરા પાડવા માટે અને ઉચ્ચ કાનુની ધોરણો જાળવી રાખવા માટે છે. અમે માનીએ છીએ કે કુશળ વકીલોની નાની, સંકેન્દ્રીત ટીમ દરેક ગ્રાહક પ્રત્યે વ્યક્તિગત ધ્યાન આપીને દેશાગમનના કાયદામાં ઉચ્ચ ગુણવત્તાની વ્યવસાયિક સેવાઓ પુરી પાડે છે. અમારી પ્રતિષ્ઠા વર્ષોની સખત મહેનત અને દેશાગમનના કાયદામાં શ્રેષ્ઠતા અને સફળતાના અડગ નિશ્ચયને આભારી છે. અમે દરેક કિસ્સામાં ઉમદા વ્યવસાયિકો અને વ્યક્તિગત ગૌરવ લઈએ છીએ. અમારી બહુભાષી વકીલોની કાનુની કંપની ગ્રીન કાર્ડની તકો પર મુળીકરણમાં અમારા ગ્રાહકોની જરૂરિયાતોને સમજે છે. દરેક ગ્રાહક સાથે અત્યંત આદર, વ્યક્તિગત સાવધાની, અને વ્યવસાયિકરણથી વર્તવામાં આવે છે. અમે અમારા ગ્રાહકોને સમયસર તેમના દેશાગમનના હેતુઓ મેળવવામાં મદદ કરીએ છીએ." કોનકોર્ડ ઈબી-૫ સલાહકારો ન્યુયોર્ક, ન્યુજર્સી અને ફ્લોરીડામાં ઈબી-૫ રીજનલ સેન્ટરો ચલાવે છે. કંપની સિગ્નેચર રીયલ એસ્ટેટ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલોપર્સ બંનને અને તેજ રીતે વિદેશી રોકાણકારોને રોજગાર સર્જનાર ઉચ્ચ અસરકારક અમેરીકન પ્રોજેક્ટોમાં રોકાણના ધ્યેયોથી માહીતગાર કરે છે અને દેશાગમનના સ્વપ્નાઓને સક્ષમ બનાવે છે. ફાયદાઓ : ઈબી-૫ પ્રોગ્રામ તમારા સમગ્ર પરીવારને ફાયદો આપે છે. તમારા અન્ય લોકો અથવા બાળકો પણ આ જ વિઝા અરજી હેઠળ અરજી કરી શકે છે અને તેઓ ઈન-સ્ટે રેસીડન્ટ ખર્ચે કોલેજમાં અરજી કરી શકે છે. તમારે સ્પોન્સરશીપની જરૂર નથી. તમારા યુ.એસ કાયમી રહેઠાણ મેળવ્યા પછી પાંચ વર્ષ પછી તમે સ્પોન્સરશીપ વગર યુ.એસ. ના નાગરીક બની શકો છો. તમારે ટ્રાવેલ વીઝાની જરૂર નથી. રોકાણકારો યુનાઈટેડ સ્ટેટ્સમાં કોઈપણ રોજગારદાતા માટે, કોઈપણ હોદ્દામાં અને કોઈપણ સ્થાને નિયમિત અંતરાલે યુ.એસ છોડવાની ચિંતા કર્યા વગર કાર્ય કરી શકે છે.

# મોદીને ચીન પર સર્જિકલ સ્ટ્રાઈક કરવાની સલાહ આપતા હાર્દિક પટેલ ટ્રોલ થયો

(પ્રતિનિધિ) અમદાવાદ

ભારતીય વાયુસેનાના ગુમ થયેલા વિમાનનો કાટમાળ આઠ દિવસની શોધખોળ બાદ આખરે મંગળવારે અરુણાચલ પ્રદેશના સિયાંગ જિલ્લામાંથી મળી આવ્યો હતો. હવે વાયુસેના તેમાં સવાર ૧૩ લોકોની વર્તમાન સ્થિતિનો અંદાજો મેળવવાના પ્રયત્નો કરી રહી છે. તેવામાં પાટીદાર અનામત આંદોલનનો નેતા હાર્દિક પટેલ એક ટ્વીટ કરીને વિવાદોના વંટોળમાં ફસાયો છે. ટ્વીટમાં તેણે ચીનને મુર્દાબાદ ગણાવતા વડાપ્રધાન મોદીને ચીન પર સર્જિકલ સ્ટ્રાઈક કરવાની સલાહ આપી છે. પાટીદાર નેતા અને કોંગ્રેસમાં જોડોયેલા હાર્દિક પટેલે ગુમ થયેલા વિમાન મામલે ફિલ્મ અભિનેતા સની દેઓલની ફિલ્મ 'ગદર'ની સ્ટાઈલમાં ટ્વીટ કરતા કહ્યું કે, ચીન મુર્દાબાદ હતું અને ચીન મુર્દાબાદ જ રહેશે. અમે ચીનને કહેવા માંગીએ છે કે અમારું વિમાન અને અમારા જવાનો અમને પરત કરી દે. મોદી સાહેબ તમે ચિંતા ન કરશો, અમે બધા જ તમારી સાથે છીએ. ચીન પર સર્જિકલ સ્ટ્રાઈક કરી દો અને આપણા જવાનોને સ્વદેશ પરત લઈ આવો.હાર્દિક પટેના આ ટ્વીટ પર લોકોએ તેની ઝાટકણી કાઢી હતી. યૂઝર્સે તેની મજાક ઉડવતા કહ્યું કે 'ભાઈ, સમાચાર જોવાનું રાખ.' એક યૂઝરે લખ્યું કે 'અરુણાચલ પ્રદેશ ક્યારથી ચીનમાં આવવા લાગ્યું?' અન્ય એક યૂઝરે લખ્યું કે 'સમાચાર જોવાનું રાખો, વિમાનનો કાટમાળ મળી ગયો છે.' તેમજ કેટલાક યૂઝર્સે તેને સલાહ આપતા કહ્યું કે 'હકીકત જાણ્યા વગર આડેધડ ટ્વીટ કરવાનું બંધ કર.'

# 'વાયુ' વાવાઝોડાના કારણે ઉત્તર ભારતમાં ચોસામું બેસવામાં મોડું થશે

(એજન્સી) નવીદિલ્હી

દિલ્હી સહિત સમગ્ર ઉત્તર ભારતમાં હાલ ભીષણ ગરમી પડી રહી છે અને લોકો કાળઝાળ ગરમીથી ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. દેશમાં આ વખતે ચોમાસું એક સપ્તાહ મોડું શરૂ થયું છે. આ દરમિયાન હવે એક 'વાયુ' નામની એક નવી મુસિબત આવી છે. અરબી સમુદ્રમાં જન્મેલું 'વાયુ' નામનું વાવાઝોડું તેજ ગતીએ ગુજરાત તરફ આગળ વધી રહ્યું છે, પરંતુ તેની અસર સમગ્ર દેશ પર પડી શકે છે. હવામાન ખાતાને એ ચિંતા થઈ ગઈ છે કે, આ 'વાયુ' વાવાઝોડું ક્યાંક દેશમાં જામેલા ચોમાસાના વાદળોને પણ પોતાની સાથે ખેંચીને ન લઈ જાય. જો, આમ થશે તો તેની સૌથી વધુ અસર ઉત્તર ભારતમાં થશે. જો 'વાયુ' વાવાઝોડાના કારણે ઉત્તર ભારતમાં ચોસામું બેસવામાં મોડું થશે તો તેની સૌથી વધુ અસર ખેડૂતોને પડશે, કેમ કે ચોમાસાની ઋતુ ખેંચાવાના કારણે દેશના ખેડૂતો પહેલાથી જ ચિંતિત છે. ગયા વર્ષે પણ દેશમાં સરેરાશ કરતાં ઓછો વરસાદ પડ્યો હોવાને કારણે અનેક જળાશયો અત્યારથી ખાલી થઈ ગયા છે કે પછી તેમનું જળસ્તર ઘણું જ નીચે જતું રહ્યું છે. હવે, જો આવી સ્થિતિમાં વરસાદ નહીં પડે તો ખેડૂતો માટે સિંચાઈની સમસ્યા સર્જાશે. જેના પરિણામે ઉત્તર ભારતમાં દુષ્કાળની સ્થિતિ પણ સર્જાઈ શકે છે. 'વાયુ' વાવાઝોડું અરબી સમુદ્રમાં ૧૩૫ કિમી પ્રતિ કલાકની ઝડપે આગળ વધી રહ્યું છે.

## ધોધમાર વરસાદના કારણે અનેક નદીઓમાં પૂરની શક્યતા

તે ૧૩ જુનના રોજ સવારે અથવા બપોર સુધીમાં ગુજરાતના સમુદ્ર કાંઠાના વિસ્તારો વેરાવળ, પોરબંદર, દ્વારકા, જામનગર, ઓખા, કંડલા, ભાવનગર અને અન્ય નાના બંદરો પર અસર કરે તેવી સંભાવના છે. વાવાઝોડાના કારણે રાજ્યના અનેક વિસ્તારોમાં તોફાની પવનની સાથે ધોધમાર વરસાદની પણ સંભાવના વ્યક્ત કરાઈ છે. ધોધમાર વરસાદના કારણે અનેક નદીઓમાં પૂર પણ આવી શકે છે. 'વાયુ' વાવાઝોડું અરબી સમુદ્રમાં પેદા થયું હોવાના કારણે તેની અસર મુંબઈના સમુદ્રકાંઠાના વિસ્તાર પર પણ થવાની સંભાવના છે. મુંબઈના સમુદ્રકિનારાના વિસ્તારોમાં તોફાની પવન ફુંકાવાની શરૂઆત થઈ ગઈ છે. જેના કારણે માછીમારોને દરિયો ન ખેડવા સલાહ આપવામાં આવી છે. સાથે જ લોકોને પણ સમુદ્રની નજીક ન જવાની સલાહ અપાઈ છે.

# કડીની બલાસર કેનાલમાં બે પ્રેમી પંખીડાઓ મોતને વહાલું કર્યું



(પ્રતિનિધિ) કડી,

કડી શહેર ની બાજુમાંથી પસાર થતી નર્મદા કેનાલ માં ગુરુવાર વહેલી સવાર ના રોજ બલાસર ગામ નજીક થી બે પ્રેમી પંખીડા ની લાશ મળી.કડી પોલીસ ઘટના સ્થળે પહોંચી ગયી કેનાલ માંથી સ્થાનિક તરવૈયાની મદદ થી લાશ ને કેનાલ માંથી બહાર કાઢી. કડી શહેર ની બાજુમાંથી પસાર થતી ગુજરાત ની જીવાદોરી ગણાતી નર્મદા કેનાલ થોડા સમય થી પ્રેમી પંખીડા ના મૃત્યુ માટે નામચીન થયી ગયી છે. થોડા થોડા સમયે આ કેનાલ માંથી લાશ મળવાની ઘટનાઓ બનતી રહે છે.મળતી માહિતી મુજબ કડી ના મલ્હારપુરા વિસ્તાર માંથી આશે ૨૦થી ૨૨ વર્ષના દંતાણી સમાજ ના યુવક અને યુવતી બે દિવસ અગાઉ ભાગી ગયા હતા જે આજે ગુરુવાર ના રોજ સવારે કડી ની બલાસર ગામ પાસે આવેલી કેનાલમાંથી બંનેના એકબીજા સાથે હાથ બાંધેલી મૃત હાલત માં મળી આવ્યા હતા.સ્થાનિક તરવૈયાઓ ની મદદ થી લાશ બહાર કાઢી ઓળખવીધી કરાવતા કડી ના મલ્હારપુર વિસ્તાર ના હોવાનું માલુમ થતા કડી પોલીસે મૃતક ના વાલી વારસો ને જાણ કરી ઘટના સ્થળે બોલાવ્યા હતા. મૃતક ના વાલી વારસો દ્વારા બન્ને એકજ સમાજ ના હોવાથી સમાજ માં ઈજ્જત જવાના લીધે કડી પોલીસ ને આગળ ની કાર્યવાહી કરવાની ના પાડી દેવામાં આવી હતી.

# સલમાન ખાન 'નચ બલિયે ૯' શોમાં એક્સ-કપલને સાથે લાવશે



બોક્સ ઓફિસમાં ભારત સફળતા બાદ સલમાનએ સાબિત કર્યું કે તે લોકોને મનોરંજન કરવામાં કોઈ દિવસ પાછળ નથી રેતા. સલમાન ખાન 'નચ બલિયે ૯' શોમાં એક્સ-કપલને સાથે લાવશે. 'બિગ બૉસ' અને 'દસ કા દમ'ને હોસ્ટ કર્યા બાદ સલમાન હવે ડાન્સ રિયલ?ટી શોને પ્રોડ્યુસ કરવાનો છે. આ શોને જેનિફર વિન્ગેટ અને સુનીલ ગ્રોવર હોસ્ટ કરશે. આ શો સ્ટાર પ્લસ પર જલદી જ શરૂ થવાનો છે. 'નચ બલિયે'માં રિયલ લાઈફ કપલ જીતવા માટે અથાક મહેનત કરે છે. આ વખતના શોમાં ટ્વિસ્ટ એ છે કે ખિતાબ જીતવા માટે એક્સ એકબીજા સાથે હાથ મિલાવશે. આ શોનો પ્રોમો તાજેતરમાં જ રિલીઝ કરવામાં આવ્યો છે. એવામાં આ શોમાં કયા સ્પર્ધકો હશે એ જાણવા માટે લોકોમાં ઉત્સાહ પણ વધી ગયો છે. આ નવા ટ્વ?સ્ટિની સાથે જજિસની ખુરશી પર કોણ બિરાજમાન થશે એ હજી સુધી જાણી નથી શકાયું.

# 'ક્હાં હમ, ક્હાં તુમ' શો ના એક્ટર્સ સાથે મુલાકાત કરશે રીયલ લાઈફ ડોક્ટર્સ



સ્ટાર પ્લસ પર ટૂંક સમયમાં નવો શો કહાં હમ કહાં તુમ શરૂ થવા જઈ રહ્યો છે. ત્યારે આ શોને પ્રમોટ કરવા માટે સ્ટાર પ્લસે ખાસ આયોજન કર્યું છે. ડોક્ટર અને એક્ટરની લવ સ્ટોરી ધરાવતા આ ડેયલી સોપને પ્રમોટ કરવા માટે રિયલમાં પણ ડોક્ટર્સની મદદ લેવાઈ છે. મળતી માહિતી પ્રમાણે આ સિરીયલના સ્ટાર્સ દીપિકા કક્કડ અને કરણ ગ્રોવરની સાથે સાથે ડોક્ટર્સની એક ટીમ પણ શોનું પ્રમોશન કરશે. મુંબઈમાં આ શોના પ્રમોશન માટે એક ખાસ ઈવેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ટેલીવિઝનના એક્ટર્સની સાથે મુંબઈના જાણીતા ડોક્ટર્સ ભેગા થઈને કહાં હમ કહાં તુમનું પ્રમોશન કરશે. આ કાર્યક્રમમાં અદા ખાન, રશ્મી દેસાઈ, તનાઝ કુર્રિમ, અલીશા પવાર હાજર રહેશે, તો મુંબઈના ટોચના સર્જન અમનદીપ ગુજરાલ, વિરલ દેસાઈ હાજર રહેશે. આગામી શૉ 'કહા હમ કહા તુમ' બે જુદી-જુદી પરિસ્થિતિમાં જીવતા બે પાત્રોની વાર્તા છે, જે પોતાના વ્યસ્ત શેડ્યૂલની સાથે બે અલગ-અલગ વ્યવસાયો ધરાવે છે. એક પાત્ર એક્ટ્રેસ છે અને બીજું પાત્ર ડોક્ટર છે. શું તમને આનાથી કઈ સમજાયું? પ્રોડક્શનના એક નજીકના સૂત્ર મુજબ જાણવા મળ્યું કે આ ઑન-સ્ક્રીન લવ સ્ટોરી લોકપ્રિય કપલ માધુરી દીક્ષિત અને એમના પતિ શ્રીરામ નેનેના જીવન પર આધારિત છે, જ્યાં એક તરફ અભિનેત્રી અભિનયની દુનિયામાં વ્યસ્ત છે અને ત્યાં નેને સર્જન હોય છે જેમને કામથી બહાર જવાનું હોય છે, પરંતુ આટલા સંઘર્ષો છતાં તેઓ રોમાન્સને અકબંધ રાખવાની કોશિશ કરે છે. ટેલીવિઝનના ઈતિહાસમાં પહેલી વખત બે જુદા જુદા ક્ષેત્રના દિગ્ગજો એક જ જગ્યાએ ભેગા થઈને કોઈ શોનું પ્રમોશન કરી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે કહાં હમ કહાં તુમ આ શો માધુરી દીક્ષીતની લવ સ્ટોરી પર આધારિત હોવાની પણ ચર્ચા છે. બન્નેની હાઈ પ્રોફાઈલ સંબંધિત કરિયરની સાથે માધુરી સૌથી પહેલા પોતાના સફળ કરિયરને પાછળ છોડીને, પોતાના પતિ માટેં જીછમાં શિફ્ટ થઈ ગઈ. હવે, ઈન્ડસ્ટ્રીમાં અભિનેત્રીના કરિયરની બીજી ઈનિંગ માટે શ્રીરામ પોતાના કરિયરને પાછળ છોડીને પોતાની પત્ની માટે ભારતમાં સેટલ થઈ ગયા છે.

# કચ્છ : નખત્રાણામાં વાનમાં આગ, ત્રણ બાળકોના મોત, સાત દાઝયા

(પ્રતિનિધિ) નખત્રાણા

ચાલુ વાહને આગ લાગવાની ઘટનાઓ છાસવારે બને છે ત્યારે આવી જ એક ઘટના કચ્છના નખત્રાણામાં બની છે. જ્યાં ચાવું વાનમાં આગ લાગી હતી. આગના કારણે આખી વાન બળીને ખાખ થઈ હતી. આગ લાગવાના કારણે કુલ ત્રણ બાળકોના મોત થયા હતા. અને સાત લોકો દાઝી ગયા હતા. જેના પગલે સારવાર માટે હોસ્પિટલ મોકલવામાં આવ્યા હતા. મળતી માહિતી પ્રમાણે કચ્છ જિલ્લાના નખત્રાણા અરલ ફાટક નજીકથી એક મારુતિ વાન પસાર થઇ રહી હતી. ત્યારે વાનમાં ફીટ કરેલા એલપીજી ગેસ બોટલમાં બ્લાસ્ટ થયો હતો. જેથી કારમાં આગ ભભૂકી હતી અને જોત જોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરીને આખી વાનને પોતાની ઝપેટલમાં લઇ લીધી હતી. આગ લાગવાથી વાનમાં સવાર ત્રણ બાળકો દાઝી જવાથી મોતને ભેટ્યા હતા. જ્યારે અન્ય સાત લોકો દાઝી જતાં તેમને સારવાર માટે ભુજ જીકે જનરલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.કારમાં આગ લાગવાની ઘટનાની જાણ થતાં લોકો એકઠાં થયા હતા અને આગ ઓલવવાની કામગીરી હાથધરી હતી. સાથે સાથે ફાયર બ્રિગેડને પણ જાણ કરવામાં આવી હતી. પોલીસે આ અંગે આગળની કાર્યવાહી હાથધરી હતી.

# મોદી સરકારે અંતરિક્ષ યુદ્ધ સાથે જોડાયેલી નવી એજન્સીની સ્થાપનાને મંજૂરી આપી

## ઉચ્ચ ક્ષમતા ધરાવતાં આધુનિક હથિયારો અને ટેક્નોલોજીનું નિર્માણ કરશે

(એજન્સી) નવીદિલ્હી

જમીન, પાણી અને અંતરિક્ષમાં પોતાનું મજબૂત સૈન્ય સામર્થ્ય ધરાવતા ભારત હવે અંતરિક્ષ યુદ્ધની તૈયારીની દિશામાં આગળ વધી રહ્યું છે. ભવિષ્યમાં અંતરિક્ષ યુદ્ધની આશંકાને જોતાં મોદી સરકારે તેમની તૈયારીઓ શરુ કરી દીધી છે. સરકાર આ દિશામાં મોટું પગલું ભરતાં અંતરિક્ષ યુદ્ધ સાથે જોડાયેલી ટેકનોલોજી અને હથિયાર પ્રણાલીના નિર્માણ માટે નવી એજન્સીની સ્થાપનાને મંજૂરી આપી દીધી છે. આ એજન્સીનું નામ ડીફેન્સ સ્પેસ રીસર્ચ એજન્સી રાખવામાં આવ્યું છે. જે ઉચ્ચ ક્ષમતા ધરાવતાં આધુનિક હથિયારો અને ટેક્નોલોજીનું નિર્માણ કરશે.

સંરક્ષણ મંત્રાલયના સુત્રોએ જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં સુરક્ષાને લઈને કેબિનેટ કમિટી એ નવી એજન્સીની રચનાને મંજૂરી આપી દીધી છે. તમને જણાવી દઈએ કે, ભારતે એવા સમયે સ્પેસ વોરના ખતરા પર ફોક્સ કર્યું છે જ્યારે અમેરિકા પહેલાથી જ ૨૦૨૦ સુધીમાં સ્પેસ ફોર્સ બનાવવાની જાહેરાત કરી ચૂક્યું છે. અમેરિકાના આ નિર્ણયથી ચીનનું ટેન્શન વધી ગયું છે.મંત્રાલયના સૂત્રોએ જણાવ્યું કે, થોડા સમય અગાઉ જ સરકારમાં ઉચ્ચસ્તર પર ડીફેન્સ સ્પેસ રીસર્ચ એજન્સીની રચના કરવાનો નિર્ણય લેવામાં આવ્યો અને ત્યાર બાદ જોઈન્ટ સેક્રેટરી સ્તરના વૈજ્ઞાનિકની દેખરેખ હેઠળ એજન્સીની રૂપરેખા પણ તૈયાર કરવામાં આવી રહી છે.આ એજન્સી ડીફેન્સ સ્પેસ રીસર્ચ એજન્સીને રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટમાં મદદ કરશે. એજન્સીમાં ત્રણેય સેનાઓના સભ્યો સામેલ છે. અંતરિક્ષ યુદ્ધમાં દેશની મદદ કરવા માટે આ એજન્સીનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ વર્ષે માર્ચમાં ભારતે અંતરિક્ષમાં તેમની એન્ટી સેટેલાઈટ ટેક્નોલોજીનું સફળતાપૂર્વક પરિક્ષણ કર્યું. આ પરિક્ષણમાં ભારતે અંતરિક્ષમાં મિસાઈલને તોડી પાડવાની ક્ષમતાનું પ્રદર્શન કર્યું હતું.સમાચાર એજન્સીનું કહેવું છે કે, એર માર્શલ રેક્રના અધિકારીની દેખરેખ હેઠળ બેંગ્લુરુમાં ડીફેન્સ સ્પેસ રીસર્ચ એજન્સીની સ્થાપના કરવામાં આવી રહી છે. આ એજન્સી આગામી સમયમાં દેશની ત્રણેય સેનાઓની અંતરિક્ષ સંબંધિત ક્ષમતાઓની જગ્યા લેશે. મહત્વનું છે કે, અંતરિક્ષ અને સાયબર હુમલાઓ સામે લડવા માટે મોદી સરકારે હાલના વર્ષોમાં વિશેષ તૈયારી કરી છે, અને તેના હેઠળ કેટલીક એજન્સીઓની પણ સ્થાપના કરી છે. આ સાથે જ દેશની અંદર અને બહાર બંન્ને તરફના ખતરાનો સામનો કરવા માટે સ્પેશિઅલ ઓપરેશન્સ ડિવિઝન પણ બનાવવામાં આવી રહ્યું છે.

# નીરવ મોદીના ચોથી વખત જામીન રદ થાયા

(એજન્સી) લંડન

પંજાબ નેશનલ બેક્ક કૌભાંડ કેસમાં આરોપી અને ભાગેડુ નીરવ મોદીના જામીન લંડનની રોયલ કોર્ટ ઓફ જસ્ટિસે ફગાવી દીધા છે. નીરવ મોદી પુરાવાને નષ્ટ કરે તેવું જોખમ હોવાથી જજે મોદીના જામીન નામંજૂર કરી દીધા હતા. સતત ચોથી વખત નીરવ મોદીના જામીન ફગાવવામાં આવ્યા છે.કોર્ટમાં આજરોજ થયેલી સુનાવણીમાં નીરવ મોદીના વકીલને પણ જજ આડેહાથ લીધા હતા. જજે જણાવ્યું કે તેઓ એ વાત માની શકતા નથી કે જામીન મળતા મોદી પુરાવાને નષ્ટ નહીં કરે. સુનાવણી દરમિયાન જજે આકરી ટિપ્પણી કરતા જણાવ્યું કે ભવિષ્યમાં શું થશે, કોણ જાણે છે.નીરવ મોદી વિરુદ્ધ સંખ્યાબંધ દેશોમાં છેતરપિંડીના કેસ દાખલ છે, જેથી જામીન આપવા યોગ્ય નથી તેમ જજે જણાવ્યું હતું. આ અગાઉ લંડનની જ કોર્ટે નીરવ મોદીને ૨૬ જૂન સુધી કસ્ટડીમાં રાખવા આદેશ કર્યો હતો. ૪૮ વર્ષીય મોદીએ ભારતમાં ૧૩,૦૦૦ કરોડનું પીએનબી કૌભાંડ આચર્યું હતું. ૧૯ માર્ચના હોલબોર્નથી નીરવ મોદીની ધરપકડ કરી લેવામાં આવી હતી. ત્યારબાદ પ્રત્યર્પણ કાર્યવાહી હેઠળ તેની સ્કોટલેન્ડ યાર્ડ પોલીસે ધરપકડ કરી હતી.

# રાહુલ ગાંધી કોંગ્રેસ અદયક્ષ હતા, છે અને રહેશે : સુરજેવાલા

(એજન્સી) નવીદિલ્હી

કોંગ્રેસના મુખ્ય પ્રવક્તા રણદીપ સુરજેવાલાએ બુધવારે કોંગ્રેસ અધ્યક્ષ કોણ તે અંગેની અટકળો અંગે સ્પષ્ટતા કરતા જણાવ્યું કે રાહુલ ગાંધી કોંગ્રેસ અધ્યક્ષ હતા, છે અને રહેશે. કોંગ્રેસ પાર્ટીના વરિષ્ઠ નેતાઓ આજરોજ એ કે એન્ટોની સાથે મુલાકાત કરી આગામી સમયમાં હરિયાણા, જમ્મુ અને કાશ્મીર, ઝારખંડ અને મહારાષ્ટ્રની વિધાનસભાની ચૂંટણીની રણનીતિ અંગે ચર્ચા કરી હતી. આ બેઠકમાં સુરજેવાલાએ રાહુલ ગાંધી જ કોંગ્રેસ અધ્યક્ષ રહેશે તેવી સ્પષ્ટતા કરી હતી.રાહુલ ગાંધીએ લોકસભા ચૂંટણીમાં કોંગ્રેસના ખરાબ પ્રદર્શન બદલ ૨૫મેના કારોબારી બેઠકમાં રાજીનામું આપવા પ્રસ્તાવ રજૂ કર્યો હતો. જો કે કારોબારી સભ્યોએ સર્વાનુમતે રાહુલ ગાંધીના રાજીનામાની ઓફર ફગાવી દીધી હતી. કોંગ્રેસ લોકસભા ચૂંટણીમાં ૫૨ બેઠકો જ જીતી શકી હતી.બેઠકમાં કોંગ્રેસના વરિષ્ઠ નેતા અહેમદ પટેલ, મલ્લિકાર્જુન ખડગે, ગુલામ નબી આઝાદ, પી ચિદમ્બર, કેસી વેણુગોપાલ, જયરામ રમેશ અને આનંદ શર્મા હાજર રહ્યા હતા. સુરજેવાલાએ મીડિયા અહેવાલોને ફગાવતા જણાવ્યું હતું કે, હવે કોઈ કોર જૂથ નથી અને ચૂંટણી સંલગ્ન સમિતિઓ પણ અસ્તિત્વમાં નથી.

# આઈએસઆઈની નાપાકચાલ : બ્રિટનમાં આતંકવાદી જૂથ બબ્બર ખાલસાને કરી રહ્યું છે ગુપ્ત રીતે મદદ

(એજન્સી) લંડન

ગુપ્તચર એજન્સીના રિપોર્ટ અનુસાર ખાલિસ્તાની સમર્થક આતંકવાદી સંગઠન બબ્બર ખાલસા ઈન્ટરનેશનલ બ્રિટનમાં પોતાનું નેટવર્ક મજબૂત કરવાના પ્રયાસો કરી રહ્યું છે. એક રિપોર્ટ અનુસાર બીકેઆઈએ બ્રિટનના બર્મિંઘમ, ડર્બી અને કોવેન્ટ્રી વિસ્તારોમાં પોતાના નેટવર્કનો વિસ્તાર કર્યો છે. પાકિસ્તાનની જાસુસી સંસ્થા આઇએસઆઇ તેને ફંડ પુરું પાડી રહી છે અને તે બ્રિટન સહિત દુનિયાના અનેક દેશોમાં ખાલિસ્તાની સમર્થકો તથા તેની સાથે જોડાયેલા આતંકીઓના નેટવર્કને મજબત કરવાના પ્રયાસ કરી રહી છે. ભારતીય એજન્સીઓને શંકા છે કે, બીકેઆઈએ બ્રિટનના અનેક ધાર્મિક સ્થળોમાં પોતાની હાજરી વધારવાના પ્રયાસો શરૂ કર્યા છે, જેથી તેઓ પંજાબને ફરી એક વખત નિશાન બનાવી શકે. ઉલ્લેખનીય છે કે, બ્રિટનમાં ભારતીયોની સંખ્યા ઘણી મોટી છે અને તેમાં પણ પંજાબથી ગયેલા લોકોની સંખ્યા મોટી છે. બબ્બર ખાલસા જૂથ આઈએસઆઈની મદદથી દેશની બહાર રહેતા પંજાબી લોકોમાં પોતાનું નેટવર્ક બનાવવાના પ્રયાસ કરી રહ્યું છે. તેઓ આ રીતે કેટલાક લોકોનો બ્રેઈન વોશ કરીને પોતાના સંગઠનમાં સામેલ થવા માટે પ્રેરિત કરી રહ્યા છે. ગૃહ મંત્રાલય સાથે જોડાયેલા એક અધિકારીએ જણાવ્યું કે, બ્રિટનમાં છેલ્લા ઘણા સમયથી ભારત વિરોધી ગતિવિધિઓમાં આઈએસઆઈની સંડોવણી જોવા મળી છે. ભારત વિરોધી પ્રદર્શનમાં પણ તેની ભૂમિકા જોવા મળી છે. પાકિસ્તાન ખાલિસ્તાની સમર્થકોને ભારત વિરુદ્ધ એકઠા કરવાના પ્રયાસો કરી રહ્યું છે. આઈએસઆઈની નજર ભારતના શીખ સમુદાયના નવયુવાનો પર છે. તે અલગતાવાદી સંગઠન 'શીખ ફોર જસ્ટિસ'ની મદદથી સોશિયલ મીડિયા દ્વારા ભારત વિરુદ્ધ ઝેરનો પ્રચાર કરી રહી છે. આ સાથે જ પાકિસ્તાનના કરતારપુર સાહિબમાં દર્શન માટે જતા ભારતીય લોકો પર પણ આઈએસઆઈની નજર છે. ભારતીય એજન્સીઓને આશંકા છે કે, આઈએસઆઈ આ અલગતાવાદી સંગઠનોની મદદથી પંજાબમાં ફરીથી આતંકી હુમલા કરાવવા માગે છે.

# બાગી ૩માં વિલન તરીકે રિતેશની થઈ એન્ટ્રી, ટાઈગર શ્રોફના ભાઈની ભૂમિકામાં જોવા મળશે

(એજન્સી) મુંબઈ

ટાઈગર શ્રોફ અને શ્રદ્ધા કપૂરની મોસ્ટ અવેટેડ ફિલ્મ બાગી ૩માં હવે બોલીવુડ અભિનેતા રિતેશ દેશમુખની એન્ટ્રી થઈ ગઈ છે. આજે જ તેના નામનો ઉલ્લેખ કર્યો છે. મેકર્સે જણાવ્યુ છે કે રિતેશ દેશમુખ ફિલ્મમાં ટાઈગર શ્રોફના ભાઈની ભૂમિકામાં હશે પરંતુ એ નથી જણાવવામાં આવ્યુ કે તેમને રોલ નેગેટિવ હશે કે પોજીટીવ. સાજીદ નાડિયાડવાલાએ જણાવ્યું કે તે રિતેશની ફિલ્મનો હિસ્સો બનવાના કારણે ધણા રોમાંચિત છે. સાજિદે એક નિવેદનમાં જણાવ્યુ કે રિતેશ મારી હાઉસફુલ ફિલ્મોનો હિસ્સો રહ્યો છે અને હવે તે બાગી શ્રૃંખલાથી જોડાયેલા છે. હાઈસફુલ અને હે બેબી પછી તેમની સાથે આ મારી છઠી ફિલ્મ હશે.તેણે જણાવ્યું કે અમારી વચ્ચે સંબંધો ખુબ જ સારા છે અને તેના માટે લય ભારી લખવી ખુબ જ સારૂ રહ્યું. રીતેશે હંમેશા પોતાની ભુમિકાઓ સારી રીતે નિભાવી છે અને અમે તેમની આ ફિલ્મથી જોડાવા બદલ ખુશ છે. શ્રદ્ધા કપુર તેનાથી પહેલા ફિલ્મ વિલેનમાં રિતેશ સાથે કામ કરી ચુકી છે. તેમણે પણ રિતેશનુ ટ્વિટર દ્વારા સ્વાગત કર્યુ હતુ.તમને જણાવી દઈએ કે બાગી ફ્રેંચાઈજીની પહેલી ફિલ્મ વર્ષ ૨૦૧૬મા રિલીજ થઈ હતી. બાગી-૨ ગયા વર્ષે રિલીજ થઈ હતી.

# તમિલનાડૂમાંથી ઈસ્લામિક સ્ટેટ મોડ્યુલના મુખિયા આતંકીની ધરપકડ

(એજન્સી) કોઇમ્બતુર

એનઆઇએએ ભારતમાં ઈસ્લામિક સ્ટેટના મોડ્યુલ્સની તપાસમાં બુધવારે તમિલનાડૂના કોયંબતૂરમાં સાત જેટલી જગ્યાઓએ દરોડા પાડી મોડ્યુલના મુખિયાની ધરપકડ કરવામાં સફળતા મેળવી છે. માનવામાં આવી રહ્યું છે કે, ઈસ્લામિક સ્ટેટ મોડ્યુલનો મુખિયા મોહમ્મદ અઝહરુદ્દીન શ્રીલંકામાં ઈસ્ટરના પર્વે કરાયેલા આતંકી હુમલાના આરોપી જહરાન હાશિમથી પ્રભાવિત હતો. એનઆઇએની તપાસમાં ખુલાસો થયો હતો કે, મોહમ્મદ અઝહરુદ્દીન ફેસબુક મારફતે હાશિમના સંપર્કમાં આવ્યો હતો, તેમની વચ્ચે અવાર નવાર વાતચીત થતી રહેતી હતી. શ્રીલંકામાં ઈસ્ટર પર કરાયેલા હુમલા પછી ભારતની સુરક્ષા એજન્સીઓ આ વિશે તપાસ કરી હતી કે, કેરળમાં સક્રિય બનેલા ઈસ્લામિક સ્ટેટના મોડ્યુલ્સે આ આતંકી હુમલામાં ભૂમિકા ભજવી હતી કે નહી. દક્ષિણ ભારતમાં એજન્સીએ ઈસ્લામિક સ્ટેટથી સહાનુભૂતિ રાખનાર અસંખ્ય લોકોની ધરપકડ કરી છે. જેમાંથી ઈસ્લામિક સ્ટેટના અનુયાયીઓએ શ્રીલંકાના આતંકવાદી આદિલની પોસ્ટ્સ પણ શેર કરી હતી. આદિલ એક ફેસબુક એકાઉન્ટ હેન્ડલ કરી રહ્યો હતો જેમાં ઈસ્લામના ઈતિહાસ સાથે જોડાયેવી પોસ્ટ શેર કરતો. ઈસ્લામિક સંગઠન તેનો ઉપયોગ પોતાની આતંકી પ્રવૃત્તિઓના બચાવમાં કરતી હતી. કેરળમાં આ પ્રકારની પોસ્ટ શેર કરવાની કોઇ હદ રહી નથી. હાશિમ અને કેરળના ઈસ્લામિક સ્ટેટ સમર્થકો તેમજ પ્રચારકોના ભાષણોમાં પણ સમાનતા જોવામાં આવી હતી. જેમાં ગેર મુસ્લિમ લોકોને ઈસ્લામ માટે ખતરો ગણાવવામાં આવ્યા છે. મલયાલી ઈસ્લામિક સ્ટેટ સમર્થકોની શ્રીલંકાની આતંકી સાથે સીધી લીંક વર્ષ ૨૦૧૬માં મળી આવી હતી.